
# શ્રી આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૭૫, મહા સુદ-૫ • તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૯ • અંક : ૧૨

12



**શેઠ આણંદજી કલ્યાણજી**

"સહુને આનંદ સહુનું કલ્યાણ"

**અમદાવાદ**

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે....


## "સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ"

૧૫ વર્ષ પછી આવનારા
સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?

બસ ! આજથી ફકત ૧ રૂપિયો પ્રતિદિન
૧ વર્ષ ના રૂા. ૩૬૦, ૧૫ વર્ષના રૂા. ૫૪૦૦.

'શેઠ આણંદજી કલ્યાણજી' નામનો એકાઉન્ટપેયી ચેક / રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં. 5010018 5224400 માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન- સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત બધાજ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.



શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

સળંગ અંક : ૧૨ મૂલ્ય : રૂા. ૨૦ વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦

## -: જિનમંદિરની જીવંતતા :-

જગતમાં સર્વોત્કૃષ્ટ વાસ્તુ જિનમંદિરનું હોય છે. વિશુદ્ધ અને પ્રભાવસંપન્ન ક્ષેત્રમાં શ્રેષ્ઠતમ માપ, આકાર, દિશા, કોણ વિગેરે વાસ્તુ સિદ્ધાંતોના શ્રેષ્ઠતમ સમન્વયથી સંપન્ન બનેલા મહામંગલકારી સ્થાપત્યનું નામ છે જિનમંદિર ! જિનચૈત્ય !

પ્રાસાદ પુરુષ, સદૈવ મંગલકારી કળશ, શ્રેષ્ઠતમ ચૌદ સ્વપ્નોમાંનું એક ધ્વજ વગેરેના પ્રભાવને વિવિધ મંત્રોચ્ચાર તથા અનુષ્ઠાન પૂર્વક જાગૃત કરીને શિખર પર સ્થાપિત કરવામાં આવે છે. આવા અનેક મંગલ પ્રતીકોથી સમૃદ્ધ હોય છે. જિનમંદિર !

જેમ વિવિધ મંત્રોનો મંગલ પ્રભાવ ચૈતન્ય ઉપર પડે છે તેમ જિનમંદિરરુપી વિશિષ્ટ મહાયંત્રનો પ્રભાવ આપણા ચૈતન્યના અણુએ અણુએ જીવંત બનીને સ્પર્શે છે. ચૈતન્યને ચમત્કૃત કરે છે.

: પ્રકાશક :
શેઠ આણંદજી કલ્યાણજી
"સહુને આનંદ સહુનું કલ્યાણ"
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

'શ્રી આનંદ કલ્યાણ' (ત્રિમાસિક પત્ર)

વર્ષ-૫ | સળંગ અંક : ૧૨

પ્રકાશન

વિ.સં. ૨૦૭૫, મહા સુદ-૫, તા. : ૧૦-૦૨-૨૦૧૯, રવિવાર

પ્રકાશક :

હર્ષદભાઈ મહેતા (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી, શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

E–mail : shree_sangh@yahoo.com

Website : www.shethanandjikalyanjipedhi.org

મુદ્રક : નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭

## જિન પ્રતિમા-પ્રતિષ્ઠા

શુભ મુર્હૂતના માધ્યમથી કાળના બળને સાધીને અંજનવિધાન દ્વારા અધિવાસિત જિનબિંબોને પ્રભાસન (પબાસણ) પર બારશાખની સાથે દૃષ્ટિમિલાન પૂર્વક જ્યારે પ્રતિષ્ઠિત કરવામાં આવે છે ત્યારે પ્રભુપ્રતિમાનો મહાપ્રભાવ સમગ્ર જિનપ્રાસાદની દિવ્યતાને વધારે જીવંત બનાવી દે છે ! એ દિવ્યપ્રભાવ રોગ-શોક વગેરેનો નાશ કરીને જગતમાં સતત સર્વજન કલ્યાણનું પ્રવર્તન કરે છે.

જિનમંદિરમાં પ્રભુ પ્રતિમાની પ્રતિષ્ઠા, સાધક માટે સ્વના ભીતરમાં પરમતત્વને પ્રતિષ્ઠાપિત કરવા માટે અત્યંત પુષ્ટ આલંબન બને છે.બહાર કરતાંયે ભકતના ભીતરમાં થતી પ્રતિષ્ઠા વધારે પ્રબળ અને અર્થસભર બને છે.

**વિ.સં. ૨૦૩૨ ફાગણ સુદ-૬, રવિવાર, તા. ૭-૩-૧૯૭૬ના દિવસે શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખપદેથી નિવૃત્ત થતાં શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈએ પેઢીના પ્રાદેશિક પ્રતિનિધિઓની સભામાં આપેલું ઐતિહાસિક વક્તવ્ય, જેમાં પેઢીના અધ્યક્ષ તરીકેના ૫૦ વરસના એમના કાર્યકાળની આછી ઝાંખી પ્રસ્તુત થાય છે તે અહીં લેવામાં આવ્યું છે.**

*શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રાદેશિક પ્રતિનિધિ સાહેબો,*

*આજે હું શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાંથી નિવૃત્ત થાઉં છું, એટલે આપનો થોડો વખત લઉં તો ક્ષમા કરશો.*

*હું તા. ૨૨-૧૧-૨૫ના રોજ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં જોડાયો. આજે તે વાતને પચાસ વર્ષ ઉપર થયા. તે દરમ્યાન કેટલાક મહત્ત્વના પ્રસંગો બન્યા, તે આપના ધ્યાન ઉપર લાવું તો તે અસ્થાને નહિ ગણાય.*

## શ્રી શત્રુંજય તીર્થ

### રખોપાની રકમ બાબત

*સને ૧૮૮૬માં રાજ્ય સાથે ૪૦ વર્ષનો કરાર થયો હતો, તે મુજબ તીર્થ અને યાત્રિકોના જાનમાલની સાચવણીના રખોપાના બદલામાં પાલીતાણા રાજ્યને રૂા. ૧૫૦૦૦-૦૦ દર વર્ષે આપવાનું નક્કી થયું હતું. તે મુજબ, ૪૦ વર્ષ તા. ૩૧-૩-૧૯૨૬ના રોજ પૂરા થતાં હતાં. દરબારે યાત્રિક દીઠ રૂા. ૨-૦૦ પ્રમાણે છૂટક જાત્રાવેરો વસૂલ કરવા બ્રિટીશ સરકાર પાસે માંગણી કરી. આ અંગેનું કામ પોલિટિકલ એજન્ટ મિ.સી. સી. વોટસન પાસે ચાલ્યું. તેમણે બન્નેની હકીકત સાંભળી તા. ૧૨-૭-૧૯૨૬ના રોજ ચુકાદો આપ્યો અને તેમાં પાલીતાણા દરબારને વાર્ષિક રૂા. ૧૦૦૦૦૦-૦૦ દસ વર્ષ સુધી આપવાનું ઠરાવ્યું. અને દસ વર્ષ બાદ યાત્રિક દીઠ રૂા. ૨-૦૦ (બે રૂપિયા) પ્રમાણે મુંડકાવેરો લેવા પાલીતાણા રાજ્યને સત્તા આપી.*

*આ ચુકાદો આપણને માન્ય ન હોવાથી તા. ૨૭-૭-૧૯૨૬ના રોજ અમદાવાદમાં સકળ સંઘના સ્થાનિક પ્રતિનિધિઓ તથા દેશના બીજા પ્રતિષ્ઠિત ગૃહસ્થોની એક મીટિંગ બોલાવવામાં આવી, અને તેમાં ઠરાવવામાં આવ્યું કે*

જ્યાં સુધી આપણને આ રખોપાના સવાલ તેમ જ પવિત્ર શત્રુંજયની બીજી ચાલતી તકરારોના સંબંધમાં પૂરતો અને સંતોષકારક ન્યાય ન મળે ત્યાં સુધી કોઈ પણ જૈને પાલીતાણા યાત્રાએ જવું નહિ. આ આદેશ ભાવિક જૈનો માટે ઘણો કઠિન હતો. છતાં પણ હિન્દુસ્તાનનાં એક એક જૈને તે માથે ચઢાવ્યો, અને એક પણ યાત્રી યાત્રાર્થે ગયો નહિ. આ લડત સન ૧૯૨૮ના મે માસની આખર સુધી ચાલુ રહી. આ એક ગૌરવ લેવા જેવી વાત કહેવાય.

દરમ્યાનમાં આ બાબતમાં પોલિટિકલ એજન્ટ તેમ જ છેક વાઈસરોય સુધી આપણે લડત ચાલુ રાખી અને તે વખતના વાઈસરોય લોર્ડ રીડીંગ પાસે ડેપ્યુટેશનમાં જઈ આપણો કેસ રજુ કર્યો પરંતુ લોર્ડ રીડીંગની બદલી થઈ અને તેમની જગ્યાએ લોર્ડ ઈરવીન આવ્યા. એટલે તેમની પાસે પણ આપણી વસ્તુસ્થિતિ રજુ કરી. તેમની દરમ્યાનગીરીથી પાલીતાણા દરબાર સાથે તા. ૨૬-૫-૧૯૨૮ના રોજ સમજૂતી થઈ, જેમાં પાલીતાણા દરબારને, ૩૫ વર્ષ સુધી, દર વર્ષના રૂા. ૬૦,૦૦૦-૦૦ આપવાનું નક્કી કર્યું, અને આ કરારની રુઈ એ પહેલું પેમેન્ટ તા. ૧-૬-૧૯૨૯ના રોજ આપવા નક્કી થયું. આ રીતે દરબારે ૧-૪-૨૬ થી ૩૧-૫-૨૮સુધીનું ઉત્પન્ન પણ ગુમાવ્યું.

આ રૂા. ૬૦,૦૦૦-૦૦ની રકમ ભરવા માટે સારું એવું ફંડ ઉભું કરવું કે જેના વ્યાજમાંથી આ રકમ આપી શકાય, એમ અમે વિચાર્યું. મને જણાવતાં આનંદ થાય છે કે અમે જ્યારે ફંડ ઉઘરાવવાની ટહેલ નાંખી તો, ફક્ત ત્રણ દિવસમાં જ, અમદાવાદમાંથી છ લાખ જેવી માતબર રકમનાં વચનો મેળવી શક્યા. અમે બીજું બધું કામ છોડી સવારથી સાંજ સુધી. જૈન ભાઈઓએ પણ એટલા જ ઉમળકાથી સારી એવી રકમ નોંધાવી હતી. ત્યારબાદ દોઢેક લાખ મુંબઈમાંથી ઉઘરાવી લીધા. આ રીતે ભેગી થયેલ રકમના વ્યાજમાંથી રૂા. ૬૦,૦૦૦- વર્ષ દિવસે પાલીતાણા દરબારને આપવાનું સુગમ થયું .

તા. ૧૫-૮-૪૭થી ભારત સ્વતંત્ર થયું અને ભારતનાં દેશી રાજ્યો સને ૧૯૪૮માં સ્વતંત્ર ભારતમાં ભળ્યાં. આ સમયે દરબારની ભાવના, એકસામટી રકમ લઈ, આ રખોપાની રકમ જતી કરવાની હતી. પરંતુ તેમ કરવું અમને વ્યાજબી ન લાગતાં તે પ્રશ્ન મોકુફ રાખવામાં આવ્યો. સૌરાષ્ટ્ર સરકારની રચના થઈ એટલે શ્રી ઢેબરભાઈએ મને રાજકોટ બોલાવ્યો અને

જણાવ્યું કે સૌરાષ્ટ્ર સરકાર આ વેરો હવેથી લેશે નહિ, જેથી ૧૯૪૮થી આ રૂા. ૬૦૦૦૦-૦૦ (સાઠ હજાર)ની રકમ આપવાનું બંધ થયું.

## હરિજન-મંદિર-પ્રવેશનો પ્રશ્ન

શ્રી શત્રુંજય તીર્થ ઉપરનાં દેરાસરોમાં હરિજનોના પ્રવેશ અંગેનો પ્રશ્ન સને ૧૯૫૫માં ઉભો થયો. શેઠ આણદજી કલ્યાણજીના હિંદુસ્તાનના પ્રતિનિધિઓની મીટિંગમાં આ અંગે ચર્ચા-વિચારણા થઈ. અને એક નિવેદન દ્વારા જણાવવામાં આવ્યું કે જૈન આચારને અનુસરીને દર્શનાર્થ જનાર કોઈ ને રોકવા નહિ. પરિણામે હરિજન-મંદિર-પ્રવેશની ચળવળ શાંત પડી ગઈ.

## ગિરિરાજ ઉપરનો રસ્તો

શત્રુંજય તીર્થ ઉપર જવાનો રસ્તો સુગમ ન હતો, તેથી પગથિયાં બાંધવાનું કામ સને ૧૯૫૨ની સાલમાં શરૂ કર્યું. તે કામ સને ૧૯૫૬ સુધી ચાલ્યું, તેનો ખર્ચ રૂા. ૪૬૦૦૦૦-૦૦ (ચાર લાખ સાઈઠ હજાર રૂપિયા) થયો. પગથિયાં એવાં બંધાવ્યાં છે કે જેથી ચઢતાં શ્વાસ ન ચઢે. પગથિયાંની સંખ્યા ૩૨૧૬ છે. ત્યારબાદ સને ૧૯૬૫ની સાલમાં ઘેટીની પાગથી ઉપર ચઢવાનાં પગથિયાં પણ રૂા. ૧૧૮૦૦૦-૦૦ (એક લાખ અઢાર હજાર) રૂપિયાના ખર્ચે બંધાવ્યાં.

## જીર્ણોદ્ધારનું કામ :-

ઈ.સ. ૧૯૬૨માં શત્રુંજય તીર્થના જીર્ણોદ્ધારનું કામ હાથ પર લીધું. શત્રુંજય તીર્થનાં મંદિરોમાં દેલવાડા કે રાણકપુર જેવું શિલ્પકામ નથી, તેમ સામાન્ય અભિપ્રાય હતો, કારણ કે ત્યાંના બધાં જ મંદિરો ઉપર ચૂનાનાં પ્લાસ્ટર કરી દેવામાં આવ્યા હતાં. અમે જેમ જેમ તે કાઢી નાંખી મરામત કરાવતા ગયા તેમ તેમ આ મંદિરોમાં પણ અનોખું શિલ્પ છે તેમ પુરવાર થતું ગયું.

શત્રુંજય તીર્થ ઉપર પ્રતિમાજી બેસાડવાની જૈન ભાઈઓની તીવ્ર ઈચ્છાને કારણે ઘણી મૂર્તિઓ ગમે ત્યાં બેસાડી દેવામાં આવેલી. જો આ મંદિરોનો જીર્ણોદ્ધાર કરવો હોય તો આ મૂર્તિઓને ઉત્થાપન કરવી જ જોઈએ, એમ જણાયું, અને અમે તેમ કરવા નક્કી કર્યું. આમાં સંખ્યાબંધ પ્રતિમાજીનું ઉત્થાપન કરવાનું હતું અને કેટલાક જૈન ભાઈઓ તથા પાલીતાણા સંઘ તરફથી એનો

વિરોધ પણ કરવામાં આવ્યો હતો જેથી આ ઉત્થાપન કરવું શાસ્ત્રીય છે કે કેમ તે માટે (૧) પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયોદયસૂરીશ્વરજી (૨) પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી (૩) પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયભદ્રસૂરીશ્વરજી અને (૪) પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજીને પૂછી તેમની લેખિત સંમતિ મેળવી તા. ૨૬/૮/૬૪ના રોજ ઉત્થાપન કર્યું.

ચૂનાનું પ્લાસ્ટર કાઢી નાંખી, ભાંગ્યાતૂટ્યા ભાગો સમરાવી લીધા છે. હાલ જે મંદિરો નજરે પડે છે તેમાં ઉંચા પ્રકારનું શિલ્પ છે. એટલું જ નહિ, પણ તે ખૂબ જ સુંદર દેખાય છે. છેલ્લાં ૧૪ વર્ષથી ફકત દાદાની ટૂંકનું જ મરામત-કામ ચાલી રહ્યું છે અને તેમાં રૂા. ૧૯૦૦૦૦૦-૦૦(ઓગણીસ લાખ રૂપિયા) ખર્ચ થયું છે. હજુ આ કામ પુરૂ કરતાં ત્રણેક વર્ષ થશે તેમ લાગે છે

દાદાના દરબારમાં જવા માટે જે પાંચ મુખ્ય દ્વારો હતાં તેમાં કેટલાકમાં પાશ્ચાત્ય શિલ્પ હતું તેમ જ તે દ્વારો જર્જરીત થઈ ગયાં હતાં, તેથી તે પાંચે દ્વાર નવાં કરાવ્યાં, જેમાં રૂા. ૩૫૦૦૦૦-૦૦ (ત્રણલાખ પચાસ હજાર) નો ખર્ચ થયો છે.

મોતીશાની ટૂંકના માણસો તે મંદિરની સામે જ રહેતા હતા, તેથી મંદિરની ભવ્યતા જોઈએ તેવી દેખાતી ન હતી. તેથી તેમને ડુંગરની બાજુમાં મકાન બંધાવી આપી રામપોળની અંદર પેસતાં મોટું ચોગાન ખુલ્લું કરાવ્યું.

**હિસાબની તપાસણી અને બજેટની પદ્ધતિ**

સને ૧૯૨૬ સુધી પેઢીના હિસાબો પ્રાદેશિક ટ્રસ્ટીઓમાંથી એક અથવા બે વ્યક્તિને નિમી તપાસરાવવામાં આવતા હતાં. તે કામ સંતોષકારક થતું ન હતું એટલે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને મહેનતાણું આપી હિસાબો તપાસરાવવાનું નક્કી કર્યું, જેથી પેઢીના હિસાબો સારી રીતે તપાસરાઈ નાની-મોટી ખામીઓ દૂર કરવામાં આવે છે.

સને ૧૯૩૦ની સાલથી પેઢીમાં જે ખર્ચ કરવાનો હોય તેમાં બજેટ પદ્ધતિ દાખલ કરી, એટલે કે દરેક તીર્થના મુનીમો આગામી વર્ષમાં કેટલી કેટલી ચીજવસ્તુઓ જોઈશે અને તેનું શું ખર્ચ થશે તે લખી જણાવે અને અમદાવાદથી મંજુર થાય તે પ્રમાણે ખર્ચ કરે

**બારોટોના હક્કો**

ગિરનારના બારોટના હક્કો આપણે વેચાણ લીધેલા હોવાથી પાલીતાણાના બારોટોને તેમના હક્કો વેચાણ આપવા ઈચ્છા થઈ, જે આપણે બારોટોને વાર્ષિક રૂા. ૪૦૦૦૦-૦૦ (ચાલીસ હજાર) આપવાની શરતે તા. ૨૪-૧૦-૬૨ના દસ્તાવેજથી વેચાણ લીધા. આ રકમ નક્કી કરવામાં બારોટ લોકોને છેલ્લાં ત્રણ વર્ષમાં જે ઉપજ થઈ હતી તેની ગણતરી કરી નક્કી કરી હતી. એ વખતે પેઢીની ગુપ્તભંડારની વાર્ષિક આવક રૂા. ૩૭૫૦૦-૦૦ હતી. આ હક્કો વેચાણ લીધા બાદ આપણી આવક ક્રમે ક્રમે વધતી રહી છે. અને સં. ૨૦૩૧ની આવક રૂા. ૪૭૫૦૦૦-૦૦ થઈ છે.

**કામદાર મંડળ સામે મક્કમતા**

પાલીતાણા ગિરિરાજ ડુંગર કામદાર મંડળની સ્થાપના સને ૧૯૬૭માં થઈ અને તે મંડળ તેમણે રજિસ્ટર કરાવ્યું. અને પગાર વધારાની તથા બીજી મોટી માંગણીઓ રજૂ કરી, જે અંગે લેબર ઓફિસરોને ત્યાં કેસો ચલાવ્યા. દરમિયાનમાં ડુંગર કામદાર મંડળના સભ્યોને કામ બંધ કરવાની ધમકી આપી અને કેટલાક માણસો પેઢીના દરવાજા આગળ ભૂખ હડતાલ ઉપર ઉતર્યા. તેમનો નિકાલ કરવા પાલીતાણા સંઘે પેઢીને અને મને તારો પણ કર્યા. આખું વાતાવરણ ઉશ્કેરણીજનક બની ગયેલું. છતાં પેઢી તરફથી જરાક પણ મચક આપવામાં આવી નહીં. છેવટે તેઓએ સામૂહિક હડતાલ ઉપર જવાનો નિર્ણય કર્યો. તેની સામે અમે બે નિર્ણયો લીધા:- (૧) જે લોકો હડતાલ ઉપર ઉતરે તેમને નોકરી પર લેવા કે નહીં તે પેઢીની મરજી ઉપર રહેશે, એમ જાહેર કર્યું. (૨) કદાચ હડતાલ ઉપર જાય તો સેવા-પૂજા અટકે નહીં તેનો પ્રબંધ કર્યો. પરિણામે મંડળ થાકી ગયું અને છેવટે કોઈ પણ જાતની શરત વગર સને ૧૯૭૦માં એ મંડળનું વિસર્જન થયું.

દરમિયાનમાં ૧૯૬૮માં ડુંગર ઉપર ભાર લઈ જતા મજુરોએ તેમની માંગણી મુજબના દરો વધારી આપવા કહ્યું, અને કામ બંધ કર્યું. આના લીધે પરિસ્થિતિ એવી ઉભી થઈ કે ડુંગર ઉપર પાણી ગરમ કરવા માટે લાકડાનો એક દિવસ ચાલે તેટલો જ જથ્થો રહ્યો આનો પણ મક્કમ સામનો કરી, બીજા ગામના માણસોનો સાથ લઈ, આ સવાલને ફતેહમંદીથી પાર પાડ્યો.

## ચાની દુકાન બંધ રહી

ગિરિરાજ ઉપર, રામપોળના દરવાજા બહાર, એક નાની દુકાન બાંધવા માટે ગુજરાત સરકારે સને ૧૯૬૮માં પરવાનગી આપી હતી. અને એ માટે જમીન પણ વેચાણ આપી હતી. આપણને આ વાતની ખબર પડતાં ગિરિરાજની પવિત્રતા અને મહત્તા તથા આપણા હક્કો અંગે સરકાર સમક્ષ રજૂઆત કરતાં સરકારે એમનો હુકમ પાછો ખેંચી લીધો હતો. સરકારની સમક્ષ આ વાતની રજૂઆત કરવામાં કાઠિયાવાડના પોલીટિકલ એજન્ટ શ્રી પીલે, સને ૧૮૭૬માં, મુંબઈ સરકારને મોકલેલ પોતાના અહેવાલમાંના શબ્દો અને મુંબઈ સરકારે સને ૧૮૭૭માં કરેલ ઠરાવમાંના શબ્દો આપણને બહુ ઉપયોગી થયા હતા. શ્રી પીલે પોતાના અહેવાલમાં કહ્યું હતું કે 'પાલીતાણાના તાલુકામાં આવેલ ડુંગરની બધી જમીન ધાર્મિક કાર્ય માટે અલગ રાખેલી ગણાશે. અને તે જમીનનો હિન્દુ ધર્મ વિરૂદ્ધ અથવા ધાર્મિક કાર્ય વિરૂધ્ધ કોઈ પણ ઉપયોગ કરવામાં આવશે નહી.' અને મુંબઈ સરકારે પોતાના ઠરાવમાં લખ્યું હતું કે 'હાલ જે મકાનો વિદ્યમાન છે તે મકાનોના હિતસંબંધ ધરાવનાર શખ્સોના હક્કને બાધ નહિ આવતાં, ડુંગરના કોઈપણ ભાગનો ઉપયોગ શ્રાવક કોમના સિદ્ધાંત વિરૂદ્ધ કરવાની મનાઈ કરવામાં આવે છે.' આ બંને ઉલ્લેખો ગિરિરાજ ઉપરના આપણા હક્કોની સાચવણી માટે હંમેશને માટે ઉપયોગી થઈ શકે એવા મહત્વના છે.

## ગ્રેડ, પેનશન તથા ગ્રેજયુઈટીનાં ધોરણો

પેઢીના કર્મચારીઓના પગાર અને બીજી સવલતોનાં કાંઈ ધોરણો નહોતાં, જે જરૂરી હોવાથી સને ૧૯૪૭માં પેનશન અને ગ્રેજ્યુઈટીનાં ધોરણો લાગુ કરવામાં આવ્યાં છે અને તેમાં સંજોગો પ્રમાણે ફેરફારો કરવામાં આવ્યા છે. અને અત્યારે ૧૫ થી ૨૫ વર્ષની પૂરી નોકરી કરવાથી ઠરાવેલી ટકાવારી પ્રમાણે પેનશન આપવામાં આવે છે. અને પેનશન ન લેવું હોય તો ગ્રેજ્યુઈટી આપવામાં આવે છે. એક વર્ષની નોકરીએ અડધા માસના પગાર લેખે વધુમાં વધુ પંદર પગાર જેટલી રકમ ગ્રેજ્યુઈટી તરીકે આપવાનું ધોરણ છે.

આ ઉપરાંત દરેક કક્ષાના કર્મચારીની ગ્રેડો પણ બાંધવામાં આવી છે.

કર્મચારીઓ માટે પ્રોવિડંટ ફંડ જુલાઈ ૧૯૭૦માં શરૂ કરવામાં આવ્યું

છે. પ્રથમ સવા છ ટકાના દરે પગારમાં કપાત કરી, તેટલી બીજી રકમ પેઢીમાંથી ઉમેરવામાં આવતી હતી. સં. ૨૦૩૧ની સાલમાં તેમાં સુધારો કરી આઠ ટકા લેખે કપાત થાય છે. અને તેટલી રકમ પેઢી જે તે કર્મચારીને આપે છે.

## નૂતન જિનાલય અને એની પ્રતિષ્ઠા

૧૯૬૪માં ગિરિરાજ ઉપર ઉત્થાપન કરેલ પ્રતિમાજીઓ સુવ્યવસ્થિત રીતે દાદાની ટૂંકમાં જ બિરાજમાન કરવામાં આવશે. એમ નક્કી કરવામાં આવેલું, જે અનુસાર દાદાની ટૂંકમાં એક નૂતન જિનાલય બાંધવામાં આવ્યું અને આ ઉત્થાપન કરેલાં પ્રતિમાજી પૈકીની મોટાભાગની પ્રતિમાઓ આ નૂતન જિનાલયમાં તા. ૭-૨-૭૬ના રોજ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે, તે તો આપ સર્વને સુવિદિત છે.

પ્રતિમાજીઓની સંખ્યા ૫૦૪ જેટલી હતી અને ૬ ઈંચથી માંડીને ૨૪ ઈંચ સુધીની પંલોઠીની માપની પ્રતિમાજીઓ હતી. આ બધી પ્રતિમાજીઓની ઉછામણી કરીને પ્રતિષ્ઠાનો આદેશ આપવાનું વ્યવહારું ન જણાતાં, ૭ પ્રતિમાજીઓ ઉછામણી માટે રાખી, બાકીની નકરાથી બેસાડવાનું નક્કી કર્યું.

નૂતન જિનાલયમાં બાંધવામાં અત્યાર સુધીમાં આશરે સાડા છ લાખ રૂપિયા જેટલો ખર્ચ થયો છે. થોડુ કામ અધુંરું છે અને કોતરકામ અને મૂર્તિકામ મળી એક લાખ રૂપિયા જેટલો બીજો ખર્ચ થવા સંભવ છે.પ્રતિમાજીઓ બિરાજમાન કરવાના નકરાની રકમ રૂપિયા ૬૪૭૭૯૧-૦૦ આવી છે અને સાત પ્રતિમાજીઓની ઉછામણીમાં રૂા.૪૭૬૮૮૫-૦૦ આવી છે. ઉપરાંત ધજાદંડ, કળશ, દ્વારોદ્‌ઘાટનની તથા વિધિ, વરઘોડો વગેરેની ઉપજ આવી તે જુદી.

## ભાતાઘર

પાલીતાણામાં જૂનું ભાતાઘર હતું, તે નાનું હતું અને પૂરતી સગવડવાળું નહોતું. દિન-પ્રતિદિન વધતી જતી યાત્રિકોની સંખ્યા અને સુવિધાઓ ધ્યાનમાં લઈ એક નવીન ભાતાઘર બંધાવ્યું છે, જેની પાછળ રૂા. ૨૬૦૦૦૦-(બે લાખ સાઈઠ હજાર) જેટલો ખર્ચ થયો છે.

### મ્યુઝિયમ

જે જે પુરાતન વસ્તુઓ - મૂર્તિઓ કે અવશેષો - આપણને મળે તે એક ઠેકાણે સુવ્યવસ્થિત જોવા મળે અને એની સાચવણી પણ થાય તે માટે, પાલીતાણા જય તળેટી પાસે એક મ્યુઝીયમ એંશી હજાર રૂપિયાના ખર્ચે તૈયાર કરાવ્યું છે.

### ભગવાન આદીશ્વરનાં ચિત્રો

જૈન સંસ્કૃતિ તથા શ્રી શત્રુંજય તીર્થની દષ્ટિએ આદીશ્વર ભગવાનનો મહિમા જૈન સંઘમાં ઘણો છે. તેથી એમના જીવનમાં તથા પૂર્વ ભવોનાં ચિત્રો દોરાવવામાં આવે તો તે ઘણાં આવકારદાયક થાય એમ વિચારીને એક એક ચિત્રમાં ભગવાનના અનેક જીવનપ્રસંગોને રજૂ કરતાં છ મોટા ચિત્રો વિ.સં. ૨૦૧૨ની સાલમાં દોરાવરાવ્યા છે. આપણી પ્રાચીન હસ્તપ્રતોનાં ચિત્રોનો ઝીણવટભર્યો અભ્યાસ કરીને કલાકારે દોરેલાં આ ચિત્રોની, ચિત્રકળાના વિશારદોએ પણ મુક્ત મને પ્રશંસા કરી છે. આ ચિત્રો શરૂઆતમાં ગિરિરાજ ઉપર શ્રી પુંડરીક સ્વામીના દેરાસરમાં મૂકવામાં આવ્યાં હતાં. પણ ભેજવાળી હવાની એ ચિત્રો ઉપર માઠી અસર થવાને કારણે હવે એ ચિત્રો ગિરિરાજની તળેટીમાં બંધાવવામાં આવેલ મ્યુઝીયમમાં ગોઠવવામાં આવ્યાં છે.

### જૂનાગઢ

જૂનાગઢ ગિરનાર ઉપર આપણાં તીર્થો ઉપરાંત બીજા ધર્મનાં તીર્થો પણ છે. તેમાં માલિકી અને હક્કોના ઝઘડા ચાલતા હતા અને કેટલીક વખતે ઉગ્ર રૂપ પકડી તોફાનો પણ થયાં હતાં. આ ઝઘડાઓનો નિર્ણય સરકારી રાહે મેળવી શકાય તો સારું એમ મને લાગ્યું;અને જ્યારે સૌરાષ્ટ્ર સરકારની સ્થાપના થઈ એટલે આપણી મિલકતોના માલિકી, કબજા, ભોગવટા અને હક્કોના નિર્ણયો સૌરાષ્ટ્ર સરકાર પાસે કરાવી લેવાનું મને યોગ્ય જણાયું અને શ્રી ઢેબરભાઈને મળી સૌરાષ્ટ્ર સરકાર પાસેથી જુલાઈ, ૧૯૪૯માં એક કરાર કરાવી લીધો, અને આપણાં માલિકીનાં દેરાસરો, કુંડો, જમીનો, રસ્તા તથા ઈતર હક્કો નક્કી કરાવી લીધા. આ અસલ કરાર પેઢીમાં સુરક્ષિત છે.

## બારોટોના હક્ક

ગિરનાર ઉપર યાત્રીઓ તરફથી થતી પૂજા વગેરેમાં બારોટોના હક્કો હતા, જેના લીધે થોડી અગવડો ઉભી થતી હતી. આ હક્કો છોડી દેવા તેમની સાથે વાટાઘાટો કરી તા. ૨૯-૧૧-૧૯૫૭ના રોજ તેમની સાથે કરાર કરી વાર્ષિક રૂા. ૪૨૦૦-૦૦ આપવાની શરતે તેમના હક્કો ખરીદી લીધા. આ પૈકી બે ભાગીદારોએ આ વાર્ષિક રકમની સામે એકસામટી ઉચ્ચક રકમો લઈ પોતાના હક્કો કાયમના માટે વેચાણ આપી દીધા, એટલે હવે બાકી રહેલા ભાગીદારોને વાર્ષિક રૂા. ૨૧૦૦-૦૦ આપવાનું ચાલુ રહ્યું છે, જે હક્કો કાયમને માટે ખરીદી લેવા વિચારણા ચાલી રહી છે.

ઉપરના હક્કો વેચાણ લીધા ત્યારે આપણી ઉપજ રૂા. ૩૧૦૦-૦૦ (એકત્રીસો) જેટલી હતી, જ્યારે સં. ૨૦૩૧ની સાલામાં તે રૂા. ૧૩૦૦૦-૦૦ જેટલી થઈ છે.

## જીર્ણોદ્ધાર

ગિરનારનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવવો જરૂરી હતો, જેથી તે કામ અમે સંવત ૨૦૨૧માં હાથમાં લીધુ જ્યાં નેમનાથ ભગવાનની મૂર્તિ છે. ત્યાં ઘણો જ અંધકાર હતો એટલે આજુબાજુ જાળિયાં મુકાવી પૂરતો પ્રકાશ કરાવ્યો, ભગવાનની મૂર્તિને લેપ કરાવવાની જરૂર હતી તે પણ કરાવ્યો. અમીઝરા પાર્શ્વનાથ દેરાસરમાં પણ ખૂબ જ અંધકાર હતો, જેથી ઉપરના ભાગે સુરક્ષિત કાચ બેસાડી મંદિર પ્રકાશિત કરાવરાવ્યું. પ્રવેશદ્વાર નાનું હતું તે પણ મોટું કરાવ્યું. બીજા મંદિરોમાં પણ રંગો લગાડી કોતરણીઓ વિકૃત કરી નાંખવામાં આવી હતી, તે તમામ ભાગો ધોવરાવી નાંખ્યા, જરૂર પ્રમાણે ઘસાવી સરખા કરાવ્યા અને જ્યાં જ્યાં આરસ હતો તેને ઘસાવી, કેટલાંક મિશ્રણો લગાવડાવી સતેજ કર્યા.

આ જીર્ણોદ્ધાર પાછળ અત્યાર સુધીમાં રૂા. ૩,૬૦,૦૦૦-૦૦ (ત્રણ લાખ સાઈઠ હજાર) જેટલો ખર્ચ થયો છે. કામ ચાલુ છે ને એમાં બીજા રૂા. ૧,૦૦,૦૦૦-૦૦ (એક લાખ રૂપિયા) ખર્ચ થવા સંભવ છે.

ગિરનાર ઉપર ધર્મશાળાની પૂરતી સગવડ નથી અને જે સગવડ છ તેમાં પૂરતી સુવિધાઓ નથી, જેથી પૂરતી સગવડવાળી નવીન ધર્મશાળા

બંધાવવાનું નક્કી કર્યું છે.. પરંતુ પાણીના અભાવે તે કામ હાથ ઉપર લઈ શકાયું નથી, જે હવે પૂરું કરાવી લેવામાં આવશે.

## રાણકપુર

### જીર્ણોદ્ધાર

રાણકપુરનો વહીવટ જ્યારે લીધો ત્યારે ત્યાંનાં મંદિરોની આસપાસની જગ્યા બિસ્માર હાલતમાં હતી. ઝેરી જનાવરો તથા પંખીઓના માળા પણ મંદિરોમાં નજરે પડતાં હતાં. આ મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવવાનું તા. ૧૬-૧-૩૬ ની મીટિંગમાં નક્કી થયું. આ માટે સ્થાપત્યનો વિદ્વાન અને નિષ્ણાત શિલ્પી ફ્રેગસન બેટલી તથા પેઢીના શિલ્પીઓ (૧) શ્રી ભાઈશંકર, (૨) પ્રભાશંકર (૩) જગન્નાથભાઈ અને (૪) દલછારામને લઈ હું તા. ૧૩-૩-૩૩ના રોજ રાણકપુર ગયો. તે વખતે ત્યાંની ધર્મશાળા કાંઈ પણ સગવડ વિનાની અને માત્ર પડાળીઓની જ હતી. અમે ખુલ્લામાં ચાર દિવસ રહ્યા. આગલા દિવસે આ જગ્યાએ વાઘ આવ્યો હતો અને કૂતરું લઈ ગયો હતો ! આ દિવસોમાં ત્યાંનો પૂરેપૂરો સરવે કરી, જીર્ણોદ્ધાર કેવીરીતે કરવો ને શા શા સુધારા-વધારા કરવા તે વિચાર્યું. શ્રીયુત બેટલીએ તેમનો રિપોર્ટ તા. ૩૦-૩-૩૩ના રોજ આપ્યો, જે હાલ પેઢીમાં મોજૂદ છે.

આ કામ કરાવવા માટે કોન્ટ્રાક્ટ આપ્યો. ત્રણ મહિના પછી મેં તથા ટ્રસ્ટીઓએ ત્યાં જઈ કામ જોયું તો તે બિલકુલ સારું નથી તેમ જણાવ્યું. મેં તેમને જણાવ્યુ કે આ કામ નિસ્તેજ છે અને મૂળ કામની સાથે સુસંગત થાય તેવું નથી. તેથી કરેલું કામ રદ કરી નવેસરથી ડિપાર્ટમેન્ટલી કામ કરાવવું, એમ મેં જણાવ્યું. મારા સાથીઓ તેમ કરવા કબૂલ થયા. જે કામ થયેલું હતું તેનો ખર્ચ રૂા. ૬૧૦૦-૦૦ થઈ ચૂક્યા હતો. છતાં અમે તે કામ રદબાતલ કરી નવું કરાવવાનું શરૂ કર્યું. આ કામ જૂના કામને અનુરૂપ હતું, જેથી ચાલુ રાખ્યું. જીર્ણોદ્ધારનું કામ સને ૧૯૩૪માં શરૂ થયું અને ૧૧ વર્ષ કામ ચાલ્યુ, અને તેમાં રૂા. ૪,૭૦,૦૦૦-૦૦ (ચારલાખ સિત્તેર હજાર)નો ખર્ચ થયો. મિ. બેટલીએ આવીને જ્યારે એ કામ જોયું ત્યારે તેમણે પૂરો સંતોષ વ્યક્ત કર્યો, એટલું જ નહીં, પણ આવું સારું કામ કોઈ કરાવી શકત નહી તેમ સર્ટિફિકેટ પણ આપ્યું.

મુખ્ય દેરાસરના ચોમુખજી ભગવાનનું આરસનું પરિકર તદ્દન ખવાઈ ગયેલું હતું; જે નવેસરથી કરાવ્યું અને જૂનું પરિકર મંદિરની બહાર દક્ષિણ બાજુએ ઉભું કરી રાખેલ છે. એ પણ જૂના સ્થાપત્યની કળાનો નમૂનો છે.

**ધર્મશાળા**

ત્યાં ધર્મશાળાની સગવડ ન હતી એટલે એક નવી ધર્મશાળા બાંધવાની શરૂ કરી અને તે મારા માતુશ્રીના સ્મરણાર્થે બંધાવી આપવા મેં નક્કી કર્યું. ધર્મશાળા ૨૦ ઓરડાની તૈયાર કરાવી. તેનો ખર્ચ તે વખતે રૂા. ૪૦,૦૦૦-૦૦ થયો હતો. ધર્મશાળા તૈયાર થઈ એટલે જમનાબાઈ ભગુભાઈ શેઠના ધર્મપત્નીએ ઈચ્છા દર્શાવી કે તે ધર્મશાળા તેમના નામથી થાય. મેં તુરત જ હા પાડી. અને આજે તે તેમની ધર્મશાળા તરીકે અસ્તિત્વમાં છે. આટલી સુંદર સગવડવાળી ધર્મશાળા હજુ સુધી બીજે કોઈ ઠેકાણે બંધાઈ નથી.

**ભોજનશાળા, રસ્તો અને ચાનો સ્ટોલ**

અમે જોયું કે ત્યાં ભોજનશાળા કરવામાં આવે તો વધુ યાત્રીઓ આ તીર્થનો લાભ લઈ શકે. શેઠ પન્નાલાલજી છગનલાલજીએ એ ખર્ચ આપવા સૂચન કર્યું, જે અમે સ્વીકાર્યું અને ત્યાં ભોજનશાળા શરૂ કરી. ત્યારબાદ રસ્તાની સગવડ પણ કરાવી, જેને લીધે દર વર્ષ યાત્રીઓની સંખ્યા વધતી ગઈ. અમે બીજી ધર્મશાળા ૧૦ ઓરડાઓની બંધાવી; છતાં સગવડ ઓછી પડવા માંડી એટલે ત્રીજી ધર્મશાળા ૭ ઓરડાઓની બંધાવી. સાથે સાથે જૂની ધર્મશાળાને પણ સુધરાવી, સગવડવાળી બનાવડાવી, જેમાં ઘણાં યાત્રીઓ ઉતરે છે.

જેમ જેમ યાત્રિકોની અવરજવર વધતી ગઈ તેમ તેમ તેમના માટે સ્નાનગૃહો, વીજળી વગેરેની સુવિધાઓ તથા સાધનો વધારવામાં આવ્યાં, અને હવે એક વ્યાખ્યાન હોલ બનાવવાનું હાથ ઉપર લીધું છે.

આ તીર્થ જંગલમાં આવેલું છે. યાત્રીઓ માટે ચાની પણ સગવડ નહોતી, એટલે એક સ્ટોલ શરુ કરાવ્યો. પરંતુ મને લાગ્યું કે ભવિષ્યમાં આપણી માલિકીનાં આવાં તીર્થસ્થાનોમાં બીજાના સ્ટોલ થાય અને પાછળથી તકરારો ઉભી થાય, તે સારું નહીં, જેથી પેઢી તરફથી આની વ્યવસ્થા શરૂ કરવામાં આવી.

### સૂર્યમંદિર

આ તીર્થની પાસે એક સૂર્યમંદિર પણ આવેલું છે. મને લાગ્યું કે ભવિષ્યમાં આપણી માલિકીની જગા સારુ તકરાર ઉભી ના થાય એટલે આપણી જમીન ફરતો કોટ કરાવી લીધો અને સૂર્યમંદિર આપણી હદની બહાર રાખ્યું.

### દેલવાડાનાં મંદિરો

દેલવાડાનાં આપણાં મંદિરો જગવિખ્યાત છે અને તેમાં ઘણી ભાંગતોડ થયેલી હોવાથી તેનો જીર્ણોદ્ધાર કરાવવો જરૂરી છે, એમ અમે વિચાર્યું તેનો વહીવટ શિરોહીના ટ્રસ્ટીઓ કરે છે. તેમની સાથે કરાર કર્યો કે જે જીર્ણોદ્ધાર આપણે કરીએ તેમાં તેઓ ફેરફાર કરે નહિ. તેમણે તેમના એક ટ્રસ્ટીને આપણી સાથે રાખી કામ કરાવવું એમ સૂચવ્યું. આપણે ના પાડી. છેવટે તેઓએ આપણી શરત કબૂલી.

દેલવાડાનાં દેરાસરોના જીર્ણોદ્ધારનું જે કામ કરવાનું હતું તેમાં પ્રથમ આપણે એમ નક્કી કર્યું કે દસમા સૈકામાં કે બારમા સૈકામાં જે ખાણનો આરસ વાપર્યો હોય તે જ ખાણમાંથી આરસ કઢાવી જીર્ણોદ્ધાર કરાવવો. તે ખાણ શોધી કાઢવા આપણા બે મિસ્ત્રીઓને છ મહિના સુધી રોક્યા. તેઓ ત્યાંના આસપાસના પહાડોમાં ફર્યા. છ મહિનાને અંતે તેઓએ શોધી કાઢ્યું કે અંબાજી પાસેની ખાણમાંથી આરસ કાઢી દેલવાડાનાં મંદિરો બંધાવવામાં આવ્યાં છે. એ ખાણમાંથી પથ્થર મેળવવા અમે એક મિસ્ત્રી પાસે, દાંતા દરબારને અરજી કરાવી. દાંતા દરબારે તે ખાણમાંથી આરસ કઢાવવાની ના પાડી. તેથી હું તે વખતના ચીફ મિનિસ્ટર શ્રી મોરારજીભાઈને મળ્યો અને તેમને જણાવ્યું કે જગવિખ્યાત દેલવાડાનાં જૈન મંદિરોનો અમારે જીર્ણોદ્ધાર કરાવવો છે અને તેના આરસની ખાણ અંબાજીના મંદિરની પાસે છે; પણ દાંતા દરબાર તેમાંથી આરસ લેવા દેવાની ના પાડે છે. મોરારજીભાઈ એ કહ્યું કે હું આઠ દિવસ પછી અંબાજી જવાનો છું. તમારા મેનેજરને તે દિવસે ત્યાં મોકલો. પેઢીના મેનેજર નાગરદાસને અમે ત્યાં મોકલ્યા. દાંતાના દરબાર સાહેબ ત્યાં હાજર હતા. મોરારજીભાઈએ તેમને પૂછ્યું કે આરસ લેવા દેવા કેમ ના પાડો છો? દરબારે કહ્યું કે તે મારી પર્સનલ મિલકત છે. મોરારજીભાઈ એ નાગરદાસને, તેમના દેખતાં જ, કહ્યું કે તમે આરસ કઢાવવા માંડો હું જોઉં છું કે તમને કોણ રોકે છે.

એ રીતે અમે અંબાજી નજીકના પહાડમાંથી આરસ કઢાવી દેલવાડાનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવવાનું નક્કી કર્યું. અને નક્કી કરતાં પહેલાં જીર્ણોદ્ધારમાં કેટલો ખર્ચ થશે તેનો એસ્ટીમેટ બે મિસ્ત્રીઓ પાસે તૈયાર કરાવ્યો. મિસ્ત્રીઓએ ત્રણ મહિનામાં એસ્ટીમેટ તૈયાર કર્યો. તે એસ્ટીમેટ રૂા. ૨૩ લાખનો હતો. અમારી સમિતિમાં મંજુરી માટે તે રજૂ કર્યો. તે વખતના હિસાબે એસ્ટીમેટની રકમ ઘણી મોટી હતી, પણ મંદિરો જગવિખ્યાત હોઈ તેમ જ તેમાં કારીગરી ઘણી જ સુંદર હોઈ અમારી સમિતિએ તે મંજુર કરી કામ કરાવવાનું અમૃતલાલ મિસ્ત્રીને સોપ્યું. કામ શરૂ થયા બાદ બેએક મહિના પછી હું આબુ ગયો તેમણે જે કામ ત્યાં સુધીમાં કર્યું હતું તે જોઈ મેં મિસ્ત્રીને કહ્યું કે કામ ઘણું સંતોષકારક છે. મિસ્ત્રી કહે, સાહેબ·! કામ તો સારું છે, પણ અમે જે એસ્ટીમેટ તમોને અપ્યો છે તેમાં અમે ઘનફુટે રૂા. ૫૦-૦૦ ખર્ચ આવશે એમ ગણી એસ્ટીમેટ અપ્યો છે. જ્યારે આ કામ રૂા. ૨૦૦-૦૦ (બસો રૂપિયે) ઘનફુટ પડવા જાય છે, એટલે ચારગણું ખર્ચ આવે છે. મેં કીધું કે ફિકર નહિ, પણ કામ તો આવા ઉંચા પ્રકારનું જ થવું જોઈએ, તે પ્રમાણે અમે આબુનાં મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ રાખ્યું તમને જાણીને વિસ્મય થશે કે અમે તે કામ ૧૪ લાખ રૂપિયામાં પુરુ કર્યું !

બન્યું એમ કે મિસ્ત્રીઓએ જે રૂા. ૨૩ લાખનો એસ્ટીમેટ આપેલો તેમાં મુખ્ય મંદિર ઋષભદેવ ભગવાનનું, જે કાળા પથ્થરનું છે, તે નવું આરસનું કરવાનો એસ્ટીમેટ કરેલો; તે ઉપરાંત પાછળ અને આગળની પગથીમાં ત્રણ નવા મંદિર બનાવવાનો પ્લાનં કરેલો. અમે મુખ્ય મંદિર કાળા પથ્થરનું બદલ્યું નહિ, તેમ જ બીજાં ત્રણ મંદિરો મિસ્ત્રીઓએ જણાવેલાં તે પણ બાંધ્યા નહિ; તૂટેલા ભાગો જ સમરાવ્યા. આ રીતે દેલવાડાનાં મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચૌદ વર્ષ ચાલ્યું. એમાં ૧૧૦૦૦૦ (એક લાખ દસ હજાર) કારીગરના દિવસો લાગ્યા અને કુલ ૧૪ લાખ રૂપિયામાં કામ પુરૂં થયું અમે મુખ્ય બે મંદિરો આદીશ્વર ભગવાન તેમ જ નેમનાથ ભગવાનનાં મંદિરોના જીર્ણોદ્ધાર ઉપરાંત બીજાં બે મંદિરોમાં જે મરામત કરાવવાની હતી તે બધી કરાવી લીધી હતી. આ મંદિરોનો જીર્ણોદ્ધાર જોવા ઘણા નામાંકિત શિલ્પીઓ, તેમ જ શિલ્પનું કામ સમજનાર આવી ગયા અને તે બધાએ એકીઅવાજે એવી નોંધ લખી છે કે મરામત ઘણી જ સુંદર થઈ રહી છે.

ભારતના રાષ્ટ્રપ્રમુખ રાધાકૃષ્ણન તથા પંતપ્રધાન શ્રી પંડિત નેહરુ પણ જીર્ણોદ્ધાર જોઈને તેના મુક્ત કંઠે વખાણ કરી ગયા છે.

કુંભારીયાજી

કુંભારીયાજીમાં આપણાં પાંચ મંદિરો છે. તેમાંના એક મંદિરનો થોડાં વર્ષ ઉપર જીર્ણોદ્ધાર કરાવવામાં આવેલ. તેમાં પાશ્ચિમાત્ય શિલ્પ દાખલ કરેલું, તે મેં કઢાવી નાખી આપણા જૈન શિલ્પના જેવું કરાવ્યું. તે ઉપરાંત બીજા મંદિરોમાં જે મરામતની જરૂર હતી તે પૂરી કરાવી. કમ્પાઉન્ડમાં ઝાડો વવરાવ્યાં, આપણી મિલકતમાં ભવિષ્યમાં કોઈ દખલ કરતું ના આવે તે સારુ કોટ બંધાવી લીધો. એક છેડા ઉપર શિવમંદિર હતું તે આપણી મિલ્કત ન હતી, જેથી એને કોટની બહાર રાખી લીધું. તેનું કામ બે વર્ષ ચાલ્યું અને તેમાં ૧,૩૩,૦૦૦-૦૦ રૂપિયા ખર્ચ થયો.

કુંભારીયાજીમાં ધર્મશાળાની જરૂર હોવાથી અદ્યતન સગવડવાળી આઠ ઓરડાની ધર્મશાળા બની રહી છે. ઉપરાંત, મુંબઈવાળા તરફથી પણ સોળ ઓરડાની ધર્મશાળા આપણને મળશે. ત્યાં વિજળીકરણ પણ થઈ ગયું છે.

## મૂછાળા મહાવીર તીર્થ

મૂછાળા મહાવીર તીર્થનો જીર્ણોદ્ધાર સને ૧૯૫૪માં ઘાણેરાવના એક આગેવાન શ્રી માંગીલાલજીની માગણી ઉપરથી શરૂ કરેલો. પ્રથમનો અંદાજ રૂા. ૨૫૦૦૦-૦૦ આપેલા. પરંતુ કામ હાથ પર લીધા પછી એ વધુ નીકળતાં ખર્ચ લગભગ સવા લાખ રૂપિયા જેટલું થયેલું. શ્રી માંગીલાલજીએ બીજા રૂપિયા ૨૫૦૦૦-૦૦ આપેલા. આ જીર્ણોદ્ધારનું કામ સને ૧૯૫૮માં પુરુ થયું હતું, પરંતુ ઘાણેરાવ સંઘના ઝઘડાને લીધે એની પ્રતિષ્ઠા થઈ શકી ન હતી. સંઘના આગેવાનો અવારનવાર આ તીર્થનો વહીવટ લઈ લેવા શેઠ આણંદજી કલ્યાણજીને વિનંતી કરતા હતા. શેઠ આણંદજી કલ્યાણજીની નીતિ નવા કોઈ તીર્થનો વહીવટ ન લેતાં ત્યાંના વહીવટદારોને મદદ કરવાની હોવાથી પેઢીએ એનો વહીવટ લીધેલો નહિ. જીર્ણોદ્ધાર થઈ ગયેલ હોવા છતાં પણ, અંદરઅંદરના ઝઘડાને લઈને, પ્રતિષ્ઠા થઈ નહિ, એટલે છેવટે સને ૧૯૬૫માં

પેઢીએ એ તીર્થનો વહીવટ સંભાળી લીધો અને સને ૧૯૬૬માં પ્રતિષ્ઠા કરાવી. જીર્ણોદ્ધાર અંગે પેઢીને પોણો લાખ રૂપિયા ખર્ચ થયો હતો; જ્યારે પ્રતિષ્ઠામાં આપણને સવા બે લાખ રૂપિયા જેટલી ઉપજ થઈ તી.

મૂછાળા મહાવીર તીર્થમાં યાત્રિકોને ઉતરવાની ધર્મશાળા સારી ન હતી, જેથી તે ધર્મશાળાને અદ્યતન સ્વરૂપમાં ફેરવી નાંખી છે. આ ધર્મશાળા પાછળ રૂા. સિત્તેર હજાર ખર્ચ થયો છે, જ્યારે તૈયાર થયેલા ઓરડાઓ પોતાને નામે કરી આપવા માંગણીઓ આવેલ છે. અને તેમાં ખર્ચ જેટલી રકમ આવી ગઈ છે.

મૂછાળા મહાવીર તીર્થનો વહીવટ આપણે લીધો ત્યારે દેરાસરની આસપાસ આપણી કેટલી ખુલ્લી જમીન છે તે નિશ્ચિત નહોતું. પરંતુ સરકારમાં યોગ્ય રજુઆત કરી આજુબાજુની જમીનનું ડિમાર્કેશન કરાવી લીધું છે. પરિણામે આ તીર્થને વિકસાવવા માટે પૂરતી જમીન પ્રાપ્ત થઈ છે.

**તારંગા તીર્થ**

તારંગામાં શ્વેતાંબર અને દિગંબરોના માલિકી હક્કો બદલ લાંબા સમયથી તકરાર ચાલતી હતી. ઉપરાંત, ટીબાના ભાગીદારો વચ્ચે પણ તકરારો ચાલતી હતી, જે માટે આપણા તરફથી રીપ્રેઝન્ટેશન કરીને રૂબરૂ રજુઆત કરવામાં આવી હતી. પરિણામે તે વખતના પોલિટીકલ એજન્ટ મેજર મીકે પેઢીના વહીવટદારોને મુંબઈ બોલાવ્યા. મુંબઈ ત્રણ દિવસ વાટાઘાટો ચાલી. તે વખતે દિગંબર મંદિરમાં જવા આવવાનું દ્વાર આપણા મંદિરમાંથી હતું. અને જે પ્રતિનિધિઓ મુંબઈ ગયેલા તેમણે દિગંબરો સાથે સમજુતી કરી કે આપણા મંદિરમાંથી જવાનું તેમનું બારણું પૂરી નાખવું અને તેમના મંદિરો ભાગ તેમને રહે અને આપણા મંદિરમાં તેમની કોઈ દખલ રહે નહિ. ઉપરાંત, તારંગાના પહાડ ઉપર ચાર દેરીઓ છે. જેમાં આપણી તરફની બે આપણે રાખી અને તેમની બાજુની ટેકરી ઉપરની બે દેરીઓ તેમને આપી. આ પ્રમાણે કરાર કરી અમે અમદાવાદ પાછા આવ્યા. આ જાતના કરાર કર્યા છે, તેમ પૂજ્ય આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજને ખબર પડ્યા ત્યારે તો તેઓ ખૂબ જ ગુસ્સે થયેલા, અને કહે કે આ કરાર હું કબૂલ નહિ રખાવું. અમે

કીધું કે ખૂબ જ જહેમત ઉઠાવીને અમે આ કરાર કરી આવ્યા છીએ, માન્ય રાખવો પેઢીના હિતમાં છે.

ટીંબાના ભાગીદારો સાથે પણ તા. ૧૦-૧૦-૧૯૨૭ના રોજ એગ્રીમેન્ટ કરાવ્યું. અને તેથી તેમન હક્કો બાબત પણ નિકાલ થયો. ભાગીદારોએ વાર્ષિક રૂા. ૩૧૦૦-૦૦ લેવાની શરતે તેમના કર ઉઘરાવવાના તમામ હક્કો છોડી દીધા.

તારંગા તીર્થનું મંદિર પ્રાચીન સ્થાપત્યનો એક અજોડ નમુનો છે. સમયાનુસાર તેમાં ઘણા ફેરફાર થયા હતા. મંદિર ઉભું તો રાખ્યું, પણ તેનું સ્વરૂપ બદલાઈ ગયું હતું. મેં અને મારા સાથીઓએ મંદિરના એક ભાગ ઉપરનો ચૂનો ઉખડાવીને જોયું તો નીચે ઉંચા પ્રકારનું શિલ્પ માલૂમ પડ્યું, જેથી તેનો જીર્ણોદ્ધાર સને ૧૯૬૩માં શરૂ કર્યો. અત્યાર સુધીમાં એમાં રૂા. ૧૨,૬૦,૦૦૦-૦૦ ખર્ચ થયો છે. અને હજુ દોઢેક લાખ રૂપિયા ખર્ચ થવા સંભવ છે. મુખ્ય દરવાજાનું કામ પણ હાથ ઉપર લેવામાં આવ્યું છે.

એક અદ્યતન ધર્મશાળા પણ ત્યાં થઈ ગઈ છે અને જુની ધર્મશાળાની સુવિધાઓ પણ વધારી છે. અને મહારાજસાહેબો માટે એક નવીન ઉપાશ્રય પણ તૈયાર થઈ ગયો છે.

પહેલાં ઉપર જવાનો રસ્તો વિકટ હતો, સરળ રસ્તો થાય તો યાત્રિકોને સુગમતા પડે એ દૃષ્ટિએ મેં પ્રયાસો શરૂ કર્યા.તે વખતના ચીફ અન્જીનીયરે સારો રસ લઈ, મહેસાણા જિલ્લા પ્રમુખનો પણ સાથ લઈ, એક ડામર રોડ તૈયાર કરાવરાવ્યો. પરિણામે યાત્રિકો સહેલાઈથી દર્શનાર્થે આવી શકે છે. પહેલાં યાત્રિકોની સંખ્યા જે વીસ હજારની હતી તે વધીને પોણો લાખની થઈ છે.

અત્યારે અમદાવાદ, મહેસાણા, વિજાપુર, શંખેશ્વર વગેરે સ્થળોએથી ત્યાં નિયમિત બસો અવરજવર કરે છે.

## સમ્મેતશિખર

શ્વેતાંબર અને દિગંબર સમાજ વચ્ચે અને પાલગંજના રાજા વચ્ચે સમેતશિખર તીર્થ અંગે વર્ષો જૂના ઝઘડાઓ ચાલતા હતા. આ ઝઘડા લગભગ

સને ૧૮૬૭થી શરૂ થયેલા. તેમાં છેવટે પ્રિવીકાઉન્સિલ સુધી આ કેસ ગયેલો અને પ્રિવી કાઉન્સિલે સને ૧૯૩૩માં ફેંસલો આપી પહાડ આપણી માલિકીનો ઠરાવ્યો અને દિગંબર સમાજના પૂજાના અમુક હક્ક નક્કી કરી આપ્યા. આ ફેંસલા પ્રમાણે લગભગ સને ૧૯૫૦ સુધી વહીવટ ચાલ્યો. સને ૧૯૫૦ની આખરે બિહાર સરકારે બિહાર લેન્ડ રિફોર્મ્સ એક્ટ અમલમાં લાવી સદરહુ મિલકત સરકાર હસ્તક ગઈ છે તેવું નોટિફિકેશન બહાર પાડ્યું, જે સામે આપણે સખત વિરોધ કર્યો અને સને ૧૯૫૩માં આપણે વાસ્તવદર્શી નિવેદન રજૂ કર્યું અને સંબંધકર્તાઓને મળી હકીકત સમજાવી. પરિણામે સરકારે એ નોટિફિકેશનનો અમલ મોકૂફ રાખ્યો.

સરકારની આવી દરમ્યાનગીરી અટકાવવા માટે ભારતના તે સમયના નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલનો બિહાર સરકાર ઉપર એક ભલામણ પત્ર પણ મેં મેળવેલો, જેને પરિણામે બિહાર સરકાર આપણી પાસેથી કબજો લેતાં અટકી ગઈ.

બિહાર સરકારે ફરીથી, અચાનક, તા. ૧-૪-૬૪ના રોજ, સદરહુ પહાડનો કબજો લઈ લેવા હુકમ કર્યો, જેનો પણ આપણે સખ્ત રીતે સામનો કર્યો અને છેવટે બિહાર સરકારે આપની સાથે તા. ૫-૨-૬૫ના રોજ એક કરાર કર્યો, જેમાં ઉપરનાં મંદિરો અને તેની આસપાસનો અડધા માઈલનો વિસ્તાર આપણી ધાર્મીક ક્રિયાઓ માટે મુકત રાખ્યો અને બાકીના ભાગના જંગલનો વહીવટ સરકારે આપણા એજન્ટ તરીકે કરવાનું નક્કી થયું. અને એના ઉત્પન્નમાંથી ૬૦ ટકા ઉત્પન્ન આપણને મળે અને ૪૦ ટકા ઉત્પન્ન સરકારે લેવું એવું નક્કી થયું. અને તે આધારે ગઈ સાલે સરકાર તરફથી, તમામ ખર્ચાઓ કાઢતાં, આપણને રૂા. ૩૦૦૦૦-૦૦ ચોખ્ખા નફા તરીકે મળ્યા અને હવે મળતા રહેશે એવી આશા છે.

આપણે મેળવેલ એગ્રીમેન્ટ એક સિધ્ધિ છે. પરંતુ દિગંબરોએ પણ પાછળથી, એટલે કે દોઢ વર્ષ બાદ, બિહાર સરકાર પાસેથી એક એગ્રીમેન્ટ કરાવી લીધો અને એ એગ્રીમેન્ટ મર્યાદિત હોવા છતાં તે ઉપરથી નવા નવા મુદ્દા ઉભા કરી આપણને કોર્ટમાં લઈ ગયા છે, જે કેસો હાલ ત્યાં ચાલી રહ્યા છે.

મક્ષીજી

શ્રી મક્ષીજીતીર્થ માલવ પ્રાંતનું એક ઘણું જ પ્રાચીન તીર્થ છે સન ૧૮૮૨થી શ્વેતાંબર અને દિગંબર વચ્ચે ત્યાં ઝઘડાઓ શરૂ થયા હતા. તે વખતે બન્ને સમાજના આગેવાનોએ સને ૧૮૮૩માં એક સુલેહનામું કર્યું. જેની એક મુખ્ય શરત એ હતી કે બડા મંદિર, યાને શ્વેતાંબર મંદિર, શ્વેતાંબરોને સોંપવામાં આવ્યું અને છોટા મંદિર, એટલે દિગંબર મંદિર, દિગંબરોને સોંપાયું. બીજી અગત્યની શરત એ હતી કે યાત્રાળુઓ એકબીજાના દેરાસરમાં પૂજન કરવા સારુ જાય તો તે દેરાસરની રીત મુજબ પૂજન કરે. પરંતુ દિગંબરોને આ શરતોથી સંતોષ ના થયો, અને ફોજદારી કેસો થયા. છેવટે દિગંબરોએ સન ૧૮૯૮માં ટોંક તાલુકા કોર્ટમાં ડેક્લેટરી દાવો દાખલ કર્યો. પરંતુ ગ્વાલિયર દરબારે આ દાવો પોતાના હાથમાં લઈ લીધો, અને તા. ૮-૨-૧૯૦૨ના રોજ ફેંસલો આપ્યો કે સને ૧૮૮૩માં જે સુલેહનામુ થયું છે, તે બન્ને પક્ષોને બંધનકર્તા છે. પરંતુ આપણે મુખ્ય મૂર્તિને પ્રક્ષાલ કરીએ તે સમયબાદ, યાને છ વાગ્યાથી નવ વાગ્યા સુધીમાં, દિગંબરો પૂજન કરવા સારુ આવે તો ફક્ત મુખ્ય મૂર્તિનું પૂજન કરી શકે, તેમ ગ્વાલીયર દરબારે ઉપરના ઓર્ડરમાં જાહેર કર્યું. એક તરફ સને ૧૮૮૩નું પંચનામું બન્ને પક્ષોને બંધનકર્તા ઠરાવ્યું. બીજી તરફ દિગંબરોને ત્રણ કલાક પૂજન કરવાનો હક્ક આપ્યો ! આ બન્ને નિર્ણયો એકબીજાથી વિરુદ્ધના હતા. આપણા તરફથી આ ઓર્ડર સામે ઘણો વિરોધ કરવામાં આવ્યો, પરંતુ તે ઓર્ડર કાયમ રહ્યો અને તેને લીધે નવા નવા ઝઘડા શરૂ થયા.

પરિસ્થિતિ વિપરીત થવાથી શ્રી મક્ષીજી તીર્થના કાર્યકર્તાઓ હતાશ થઈ ગયા અને અમદાવાદ આવી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને શ્રી મક્ષીજી તીર્થનો વહીવટ સંભાળી લેવા સારુ વિનંતી કરી. સને ૧૯૨૧માં પેઢીએ શ્રી મક્ષીજી તીર્થનો વહીવટ સંભાળી લીધો.

દિગંબરોને પૂજન કરવા સારુ ત્રણ કલાક મલ્યા એટલે તે લોકો બડા મંદિર તેમ જ બડા મંદિરની પ્રોપર્ટીમાં પોતે અર્ધા ભાગીદાર છે તેવું માનીને દરેક વાતમાં દખલગીરી કરીને આપણને પરેશાન કરવા લાગ્યા.

આપણે લેપ કરાવવાનું કામ શરૂ કર્યું. દિગંબરોએ લેપનું કામ

અટકાવવા સારુ શાજાપુર ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં દાવો કર્યો. સદ્ભાગ્યે એનો ફેંસલો આપણી તરફેણમાં આવ્યો. નામદાર કોર્ટ ઠરાવ્યું કે મુખ્ય મૂર્તિ ઉપર કંદોરો-લંગોટ, સન્મુખ દષ્ટિનાં જે પ્રિન્ટો છે તે, જ્યારથી મૂર્તિ બની ત્યારથી છે. મંદિર શ્વેતાંબરોનું છે અને વહીવટ શ્વેતાંબરો કરતા આવ્યા છે. આ ફેંસલા વિરુદ્ધ દિગંબરોએ હાઈકોર્ટમાં અપીલ તથા સુપ્રીમ કોર્ટમાં અરજી આપી, જે કોર્ટે નામંજુર કરી.

મુખ્ય મૂર્તિને ઘણો જ સુંદર લેપ થયો છે.

સને ૧૯૬૦થી આજ સુધીમાં શ્રી મક્ષીજી તીર્થમાં જે કામો થયાં છે, તેમાં મુખ્ય મુખ્ય આ છે -

(૧). સભામંડપની દિવાલો ઉપરથી જૂનો રંગ કાઢી નાખીને અસલ પથ્થરની કોતરણી બહાર લાવવામાં આવી છે, જેથી દેરાસર તદ્દન નવું બન્યું હોય તેવું દેખાય છે.

(૨). ભોજનશાળાનું મકાન આધુનિક સગવડવાળું એક લાખ પંદર હજાર રૂપિયાના ખર્ચે બની ગયું છે. ભોજનશાળા આ મહિનામાં ચાલુ થઈ જશે.

(૩). નવી ધર્મશાળા બાર ઓરડાઓની બંધાઈ રહી છે, જેમાં નીચે ત્રણ તથા ઉપર ત્રણ એમ છ ઓરડાઓ લગભગ તૈયાર થઈ ગયા છે.

### એક જાણવા જેવો પ્રસંગ

હસ્તિનાપુર તીર્થના નવીન જિનમંદિરનો નકશો મિસ્ત્રી અમૃતલાલે તૈયાર કર્યો હતો. જયપુરના પંડિત ભગવાનદાસ જૈને ૧૯૬૩માં મારા આગળ એવો પ્રશ્ન ઉપસ્થિત કર્યો કે મિસ્ત્રી ધજાદંડ આમલસારમાં રાખે છે, જ્યારે ખરેખર એ શિખરમાં જ રાખવા જોઈએ, તેમ જ મંદિરમાં દરેક થાંભલાઓની કુંભીઓ મંદિરના કુંભાના બરાબર માપમાં રાખવાનું શાસ્ત્રમાં વિધાન છે, છતાં તમારા મિસ્ત્રીઓ કુંભીઓને કુંભીથી નીચે ઉતારે છે, તે અશાસ્ત્રીય છે. મેં મિસ્ત્રીને પૂછ્યું. મિસ્ત્રીએ પોતાનો મત શાસ્ત્રવિધાન પ્રમાણેનો છે તેમ જણાવ્યું મને લાગ્યું કે આ પ્રશ્નનો નિકાલ કરાવી લેવો સારો, કે જેથી આવી તકરારો ઉભી થાય નહીં એટલે મેં પં. ભગવાનદાસને લખ્યું કે આ પ્રશ્નનો નિકાલ શિલ્પશાસ્ત્રના

જાણકાર જ કરી શકે અને તેથી એક મધ્યસ્થી રૂબરૂ તમારે અને મિસ્ત્રીએ ચર્ચા કરવી અને મધ્યસ્થી જે નિર્ણય આપે તે બન્ને કબૂલ હોવો જોઈએ. તેમાં એક વધારાની શરત એવી મૂકી કે બન્ને પક્ષોએ એટલે પંડિત ભગવાનદાસે અને સોમપુરા અમૃતલાલે રૂા. ૧૦૦૦-૦૦ ડિપોઝીટ તરીકે મૂકવા, અને જે પક્ષ હારે તેના પૈસા જીતનાર પક્ષને મળે. બન્ને પક્ષે આ શરત કબૂલ કરી. અને આ પ્રશ્નનો નિકાલ કરવા માટે શિલ્પશાસ્ત્રના વિદ્વાન, શિલ્પવિશારદ શ્રી મધુસૂદન ઢાંકી કે જેઓ આર્કિલોજિકલ વિભાગના મુખ્ય અધિકારી હતા, તેમની મધ્યસ્થી તરીકે નિમણુક કરવામાં આવી . તેમની પાસે બન્ને પક્ષોની દલીલો ત્રણ દિવસ ચાલી. તેમણે બન્ને પક્ષોને સાંભળી તા.૨૪-૨-૬૫ની રોજ ફેંસલો આપ્યો અને તેમાં મિસ્ત્રી અમૃતલાલ જે કરી રહ્યા છે તે શાસ્ત્રીય પદ્ધતિનું છે એમ ઠરાવવામાં આવ્યું જેથી પં. શ્રી ભગવાનદાસની ડિપોઝીટની રકમ રૂા. ૧૦૦૦-૦૦ મિસ્ત્રી અમૃતલાલને મળી.

## જૈન ટ્રસ્ટોના વહીવટની પ્રશંસા

ભારતના તમામ ધર્મોનાં ટ્રસ્ટોના વહીવટ અંગે સરકાર તરફથી સને ૧૯૬૦ના માર્ચ માસમાં હિન્દુ રિલીજીયસ એન્ડોઉમેન્ટ કમિશન ડો. સી. પી. રામસ્વામી આયરના પ્રમુખપદે નીમવામાં આવ્યું હતું. તેમણે તમામ ધર્મોના વહીવટો તપાસી તેમનો રિપોર્ટ સને ૧૯૬૨માં પૂરો કર્યો હતો. તેમાં જૈનધર્મ અંગે પણ તપાસ કરવામાં આવી હતી, અને શેઠ આણંદજી કલ્યાણજીના પ્રમુખ તરીકે મારી જુબાની પણ લેવામાં આવી હતી અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના કામકાજ અંગે પણ તપાસ કરી હતી. તેમના રિપોર્ટમાં તેમણે જૈન મંદિરોના વહીવટોની પ્રશંસા કરી છે અને એવી ભલામણ કરી છે કે હિન્દુ મંદિરોએ પણ જૈનોના વહીવટ જેવો વહીવટ અપનાવવો.

## ટ્રસ્ટ એક્ટને આવકાર

સને ૧૯૩૪માં જ્યારે મુંબઈ રાજ્યે પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ એક્ટ ઘડવાનો વિચાર પ્રજા સમક્ષ મૂક્યો અને તે દિશામાં જરૂરી પગલાં ભર્યા તે વખતે, આપણા સંઘમાંની કેટલીક વ્યક્તિઓની નારાજી વહોરીને પણ, મેં તેને આવકાર આપ્યો હતો, તે એ દૃષ્ટિએ કે આપણાં ટ્રસ્ટોનો વહીવટ હંમેશા

કાર્યક્ષમ અને સ્વચ્છ રહે અને જે હેતુ માટે ટ્રસ્ટ ઉભું થયું હોય તે હેતુની મર્યાદામાં રહીને જ કામ થતું રહે. અને આપણા અનુભવે બતાવ્યું છે કે, આ વાત કેટલી મહત્ત્વની અને ઉપયોગી સાબિત થઈ છે.

## ટ્રસ્ટોની સ્ટેન્ડિંગ કમિટી

ગુજરાત રાજ્યનાં ટ્રસ્ટોના વહીવટના કેટલાક સવાલો હલ કરવા સને ૧૯૬૩માં એક સ્ટેન્ડિંગ કમિટીની રચના કરી હતી. કમિટીએ તમામ ટ્રસ્ટોને સ્પર્શતા સવાલો ઉપાડ્યા અને ચેરિટી કમિશ્નર તરફથી ટ્રસ્ટોની ઉપજ પર બે ટકા લેખે વહીવટી ચાર્જ લેવાતો હતો, તેમાં ઘટાડો કરાવી એક ટકો કરાવ્યો, તેમ જ ટ્રસ્ટોને મળતી બક્ષિસોના દસ્તાવેજો ઉપર સ્ટેમ્પડ્યુટી લેવાતી હતી તેને તા. ૨૦-૧-૭૬ સુધી માફી અપાવી. આ મુદ્દત લંબાવવા માગણી કરી છે.

ગુજરાત રાજ્ય અને ભારત સરકાર તરફથી ટ્રસ્ટોને લગતા કાયદાઓમાં સુધારાવધારા સૂચવવામાં આવે છે, તેનો પણ અભ્યાસ કરી કમિટી યોગ્ય ફેરફાર સૂચવે છે અને તે અંગે રજૂઆત પણ કરે છે.

## જીર્ણોદ્ધાર

પેઢીનું સામાન્ય વલણ જ્યાં ખાસ જરૂર હોય ત્યાં નવા જિનમંદિર માટે સહાય આપવાનું અને પ્રાચીન જિનમંદિરો અને તીર્થસ્થાનોના જીર્ણોદ્ધાર માટે બને તેટલી વધુ સહાય આપવાનું રહ્યું છે. છેલ્લાં પચાસેક વર્ષ દરમ્યાન નવાં જિનમંદિરો માટે, પેઢી હસ્તકનાં તીર્થો અને જિનમંદિરોના જીર્ણોદ્ધાર માટે, તેમ જ આબુ વગેરે બીજા તીર્થો તથા જિનમંદિરોના જીર્ણોદ્ધાર માટે, આશરે સાડાપાંચસો જિનમંદિરોમાં થઈને, લગભગ એક કરોડ રૂપિયા ખર્ચવામાં આવેલ છે.

વિ.સં. ૧૯૯૨ની સાલમાં શ્રી અમદાવાદ દેરાસર જીર્ણોદ્ધાર કમિટીની સ્થાપના થઈ હતી. આ સંસ્થાનું કાર્યાલય શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં છે. અને એણે છેલ્લા ચાર દાયકા દરમ્યાન ચારસો જેટલાં દેરાસરોના જીર્ણોદ્ધારમાં આશરે તેત્રીસ લાખ રૂપિયા ખરચ્યા છે. આ રકમનો સમાવેશ પેઢીએ ખરચેલ એક કરોડ રૂપિયામાં થતો નથી.

## જૈન તીર્થોનો ઈતિહાસ

આપણાં તીર્થો અને જિનમંદિરો દેશભરમાં ઠેર ઠેર પ્રસરેલાં છે. એની માહિતી એકત્ર કરીને પુસ્તકરૂપે છપાવવામાં આવે તો તે આ સંબંધી માહિતી મેળવવા ઈચ્છનારને તથા ઈતિહાસ અને પુરાતત્ત્વના સંશોધકોને પણ ઉપયોગી થઈ પડે. આ ઉપરથી આપણે ખાસ માણસો રોકીને આવી સામગ્રી એકત્ર કરીને એ 'જૈન તીર્થ સર્વસંગ્રહ' નામે ત્રણ મોટી સાઈઝનાં દળદાર વોલ્યુમોમાં પ્રગટ કરવામાં આવી છે. આમાં કોઠાઓમાં ૪૩૯૫ સ્થાનોમાં જિનમંદિરો, ઉપાશ્રયો, જૈનોની વસતી, ધર્મશાળાઓ વગેરેની માહિતી આપવા ઉપરાંત ૨૭૦ તીર્થરૂપ સ્થાનોનું તેમ જ ઓરિસ્સામાં આવેલ ઉદયગિરિ - ખંડગિરિની પ્રાચીન જૈન ગુફાઓનું વર્ણન આપવામાં આવ્યું છે. સાથે સાથે એમાં જૈન તીર્થોનો નકશો પણ મૂકવામાં આવેલ છે. આ ગ્રંથ પેઢીનું એક મહત્ત્વનું પ્રકાશન છે.

## પેઢીનો ઈતિહાસ

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની કાર્યવાહી ઘણી વિશાળ છે. એમાં તીર્થોના હક્કોની સાચવણી, તીર્થો તથા જિનમંદિરોના જીર્ણોદ્ધાર, નવાં જિનમંદિરો બનાવવાં, આ માટે જુદાં જુદાં સ્થાનોના સંઘોને જરૂરી સલાહ-સૂચના તથા સહાય આપવી વગેરે અનેક કાર્યોનો સમાવેશ થાય છે. વળી, પેઢીની કામગીરીની વિગતો અઢીસો વર્ષ જેટલી જૂની મળતી હોવા છતાં, ખરી રીતે, જૈન સંઘની આ પેઢીની કામગીરીનો સમય તો તે પહેલાંના સમય સુધી પહોંચે એટલો લાંબો છે. ઉપરાંત, પેઢીનું દફતર પણ સારી રીતે સચવાયેલું છે, અને એ અઢીસો - ત્રણસો વર્ષ જેટલું જૂનું પણ છે. એટલે જો આ બધી સામગ્રીનો ઉપયોગ કરીને પેઢીનો સવિસ્તર ઈતિહાસ તૈયાર કરાવવામાં આવે તો તેથી ઘણી ઉપયોગી માહિતી આપણે જાણી શકીએ તેમ જ આપણા પ્રતાપી પૂર્વજો કેવાં કેવાં સારાં કાર્યો કરી ગયા તેની ગૌરવભરી વિગતો પણ જાણી શકીએ. તેથી બે એક વર્ષ પહેલાં આ કામ રતિલાલ દીપચંદ દેસાઈને સોંપવામાં આવ્યું છે અને એકાદ વર્ષમાં એ પૂરું થઈ જશે એવી ઉમેદ છે.

## તીર્થોની ગાઈડો

આપણાં તીર્થોની યાત્રાએ જતાં જિજ્ઞાસુ યાત્રિકોને જે તે તીર્થ સંબંધી ટૂંકી માહિતી આપતી ગાઈડો છપાવવામાં આવે એ જરૂરી છે. આ જરૂરિયાતને પૂરી કરવા માટે ગુજરાતના શિલ્પસ્થાપત્યકળા તથા પુરાતત્ત્વના વિખ્યાત વિદ્વાન શ્રી મધુસુદન ઢાંકી પાસે શ્રી શત્રુંજય, કુંભારિયા, રાણકપુર તથા ગિરનારની ગાઈડો લખાવી છે, અને તે સચિત્ર છપાવવાની પેઢીની યોજના છે. આમાંની ગિરિરાજશ્રી શત્રુંજયની ગાઈડ છપાઈ ગઈ છે. અને બાકીની ગાઈડો પણ છપાવવામાં આવશે. આ ગાઈડોનો હિંદી તથા અંગ્રેજી ભાષામાં અનુવાદ છપાવવાની પણ ઈચ્છા છે.

## શૌરીપુર

શૌરીપુર તીર્થ આગરાથી ૪૦ માઈલ દૂર આવેલું છે. એ નેમનાથ ભગવાનના કલ્યાણકની ભૂમિ હોવાથી ત્યાં શ્વેતાંબર તથા દિગંબર મંદિરો છે. તે બન્ને વચ્ચે નાના પ્રકારના મતભેદો હોવાથી એ કોર્ટમાં ગયેલા. તે બાબત આપસમાં સમજૂતીથી પતાવી શકાય તો સારું એમ વિચારીને મેં સને ૧૯૩૯માં દિગંબર તીર્થક્ષેત્ર કમિટીના તે વખતના સેક્રેટરી શ્રી રતનચંદ ઝવેરી સાથે મુંબઈમાં વાટાઘાટ શરુ કરેલી. કેટલાક વખત પછી એ વાટાઘાટ ફરી પાછી શરૂ કરી હતી. આ માટે હું તે વખતના પેઢીના મેનેજર શ્રી નાગરદાસને મારી સાથે મુંબઈ લઈ ગયો હતો. આ માટે અમારી વચ્ચે પાંચ-સાત બેઠકો થઈ, જે ઉપરથી અમે એક સમાધાન કર્યું. જેના હિસાબે બન્ને સમાજનાં મંદિરોને એકબીજાથી જુદાં પાડવાનું નક્કી થયું અને એના નકશા ઉપર અમે સહીઓ પણ કરી. પણ જ્યારે આ વાતની ઈન્દોરના શેઠ હુકમચંદજીને ખબર પડી ત્યારે તેમણે જણાવ્યું કે રતનચંદને સમાધાન કરવાની શી સત્તા હતી ? અમને આ સમાધાન કબૂલ નથી. અને એમ કહીને કોર્ટમાં કેસ આગળ ચલાવ્યો, જેમાં બન્ને પક્ષના મળીને લગભગ દોઢ લાખ રૂપિયા જેટલું ખર્ચ થયું અને અંતે કોર્ટનો ફેંસલો તો તે જ આવ્યો કે જે સમાધાન કર્યું હતું.

## કેસરિયાજી

કેસરીયાજી તીર્થ ઘણા ભાવિકોની શ્રદ્ધાવાળુ તીર્થ છે, તે એટલે સુધી કે સને ૧૯૪૦ની સાલ સુધી તો જૈનો ત્યાં ભગવાનને ભારોભાર કેસર ચડાવવાની માનતા માનતા હતા. અને એ રીતે ભગવાનને ઘણું કેસર ચડતું

હતું. તે તીર્થનો વહીવટ વર્ષોથી શ્વેતાંબરો કરતા આવ્યા હતા. તેથી જ્યારે સને ૧૯૨૮ની સાલમાં મંદિર ઉપર ધ્વજાદંડ ચઢાવવાનો પ્રસંગ આવ્યો ત્યારે ત્યાં હજારોની સંખ્યામાં લોકોની મેદની જામી હતી અને ભીડને લઈને ચાર માણસ માર્યા ગયા હતા તે ઉપરથી એ પ્રશ્ન ઉભો થયો કે આ તીર્થ કોનું છે? આ મુદ્દા ઉપર ઉદયપુરના દરબાર પાસે બે વર્ષ સુધી કેસ ચાલ્યો, જેમા શ્વેતાંબરોને દોઢેક લાખ રૂપિયા જેટલું અને દિગંબરોને સવા લાખ રૂપિયા જેટલું ખર્ચ થયું હતું અને એ માટે શ્રી ચીમનલાલ સેતલવાડ અને મહમદઅલી ઝીણા જેવા મોટા મોટા ધારાશાસ્ત્રીઓએ સામસામી દલીલો કરી હતી. પણ ઉદયપુર દરબારે એ કેસનું જજમેન્ટ બહાર ન પાડ્યું અને મંદિરનો વહીવટ દરબાર તરફથી અમલદાર નીમીને ચલાવવા માંડ્યો, જે આજ સુધી એમ જ ચાલે છે, એટલું જ નહીં, પણ બન્ને પક્ષોની તકરારોને લઈને તીર્થમાં હિંદુ વિધિવિધાનો પણ થવા માંડ્યા છે. આ પરિસ્થિતિ દુઃસહ્ય હોવાથી મેં આ માટે દિગંબરો સાથે વાટાઘાટો શરૂ કરી. તેમાં પહેલો મુદ્દાએ ચર્ચ્યો કે કાંતો હાલ જે વિધિવિધાનો ચાલે છે, તે પ્રમાણે ચાલુ રાખવાં અને તેમાં બન્ને પક્ષમાંથી કોઈએ ફેરફાર કરવો નહી; અથવા તો વિ.સં. ૧૯૮૨માં જે વિધિવિધાનોની નોંધ થયેલી છે, તે પ્રમાણે ચાલુ રાખવું. દિગંબર સમાજ તરફથી એમની તીર્થક્ષેત્ર કમિટીના સેક્રેટરી શ્રી રતનચંદ ઝવેરી સાથે આ માટે વાટાઘાટો શરૂ થઈ. છેવટે તેમણે કહ્યું કે વિ.સં. ૧૯૮૨માં નોંધ થઈ છે તે તેમને કબૂલ છે; પણ તેમાં ચાર મૂર્તિઓને જે ચાંદીની આંગી ચઢે છે તે ન ચઢવી જોઈએ. મેં કહ્યું કે એક વખત તમે વિ.સં. ૧૯૮૨ની નોંધ કબૂલ રાખો તો પછી તેમાં હું યત્કિંચિત્ પણ ફેરફાર કરવા કબૂલ થઈશ નહીં. એ વાત તે કબૂલ કરે એવું વાતાવરણ હતું. પણ એ વખતે પૂ. ધર્મસાગરજી મહારાજે દિગંબરો સામે કોર્ટમાં કેસ માંડ્યો કે કેસરિયાજી તીર્થ શ્વેતાંબરોનું જ છે, અને દિગંબરોએ એમાં કોઈ દખલ કરવી નહીં. તે ઉપરથી અમારે અમારી વાટાઘાટો અધૂરી રાખવી પડી. તે કેસમાં નીચલી કોર્ટમાં પૂ. ધર્મસાગર મહારાજ જીત્યા, એટલે દિગંબરો તે કેસ ઉપલીકોર્ટમાં ગઈ ગયા, અને ત્યાં નીચલી કોર્ટનું જજમેન્ટ કાયમ ના રહ્યું. હું માનું છુ કે આ તીર્થના વહીવટ સંબંધી દિગંબર સમાજ સાથે વાટાઘાટો દ્વારા નિકાલ લાવી શકાય એમ છે અને તેમ કરવું જોઈએ.

## અંતરીક્ષજી તીર્થ

આ તીર્થ અંગેના કેસમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ સીધો રસ લીધો નથી; ફક્ત શ્વેતાંબર ભાઈઓ, જેઓ ત્યાંનો વહીવટ સંભાળે છે, તેમને દિગંબરો સામે કોર્ટમાં જવું પડ્યું ત્યારે પેઢી તરફથી નાણાકીય મદદ કરવામાં આવી છે. પણ જયાં સુધી સામા પક્ષ તરફથી ઝઘડા બંધ કરવાની અને સમાધાન કરવાની ઈચ્છા પ્રબળ ન થાય ત્યાં સુધી આનો અંત આવવો મુશ્કેલ છે.

## મોટી મુસીબત અટકી ગઈ

થોડા વખત પહેલાં એવી હકીકત મળી કે બિહાર રાજ્યના મુખ્ય પ્રધાન અને કમિટીએ બિહારમાંના, રિલીજીયસ ટ્રસ્ટ બોર્ડ, બિહાર વક્ફ અને શ્વેતાંબર તથા દિગંબરનાં દેરાસરો તથા સંસ્થાઓની મિલકત તથા જવાબદારીઓ સરકાર હસ્ત લઈ લેવાનો નિર્ણય કર્યો છે અને તે અંગેનો કાયદો ધારાસભામાં રજૂ થવાનો છે. મને લાગ્યું કે જો આ પ્રમાણે થાય તો તીર્થો અને સંસ્થાઓને પારાવાર નુકશાન થશે અને કેટલાકનું તો અસ્તિત્વ પણ જોખમાશે. આ રોકવા ટૂંકો પણ સચોટ એવો ક્યો ઈલાજ લેવો, એ માટે મેં ખૂબ મનોમંથન કર્યું. અંતે મને સૂઝ્યું કે આયર કમિશને તેના રિપોર્ટમાં અપણા વહીવટનાં વખાણ કર્યા છે. આ વિગતો સરકાર સમક્ષ રજૂ કરી અને યોગ્ય પ્રયત્નો કર્યા. સદ્‌ભાગ્યે એ પ્રયત્નો સફળ થયા અને એક મોટી મુસીબત આવતી અટકી ગઈ.

## આભાર

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી મારફત મને આપણાં તીર્થોની તથા જૈન શાસનની સેવા કરવાની જે તક મળી છે તેને હું મારું અપૂર્વ સદ્‌ભાગ્ય માનું છું. મારા કાર્યસમય દરમ્યાન મને જે જે પરમપૂજ્ય આચાર્ય મહારાજ સાહેબો તથા મુનિરાજોનું માર્ગ દર્શન મળ્યું છે, એમનાથી હું ખૂબ ઉપકૃત થયો છું, અને એમનો હૃદયથી ઉપકાર માનું છું. મારી જવાબદારીઓને પૂરી કરવામાં મને જે કાંઈ સફળતા મળી છે તે, મારા સાથી વહીવટદાર ટ્રસ્ટીભાઈઓ એ તેમ જ આપ સહુ પ્રાદેશિક પ્રતિનિધિ સાહેબોએ મારામાં મૂકેલ વિશ્વાસને લીધે તથા મને આપેલ સહકારને લીધે મળી છે. આ માટે હું આપ સૌનો અંતઃકરણથી આભાર માનું છું.

સિદ્ધભૂમિ શાશ્વત મહાતીર્થાધિરાજ શત્રુંજય ગિરિરાજની છાયામાં
પાદલિપ્તપુર નગરે પાલીતાણા તીર્થક્ષેત્રે
શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયે મૂળનાયક સહિત
વિવિધ જિનબિંબોનો પવિત્રતાદાયક પ્રતિષ્ઠા મહોત્સવ
શ્રી સકલ સંઘ નિમંત્રણ પત્રિકા

-: મહોત્સવ પ્રારંભ:-

*વિ.સં. ૨૦૭૫ મહા સુદ - ૩ તા. ૦૮-૦૨-૨૦૧૯ શુક્રવાર*

-: પ્રતિષ્ઠા દિવસ :-

*વિ.સં. ૨૦૭૫ મહા સુદ - ૫ તા. ૧૦-૦૨-૨૦૧૯ રવિવાર*

પ્રતિષ્ઠા પ્રસંગે નિશ્રાદાતા પૂજ્ય ગુરુ ભગવંતો

*પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા. ના સમુદાયના*
*પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.*
*પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.સા. ના સમુદાયના*
*પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા.*
*પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ના. સમુદાયના*
*પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી જિનદર્શનસૂરીશ્વરજી મ.સા.*
*પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી યુગભૂષણસૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞાવર્તી*
*પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી અરિહંતસાગરસૂરીશ્વરજી મ.સા.*
*પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ.સા. ના સમુદાયના*
*પૂજ્ય ઉપાધ્યાય ભગવંતના શ્રી પુંડરીકવિજયજી મ.*

-:મહોત્સવ સ્થલ :-

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન જિનાલય

*શેઠ આણંદજી કલ્યાણજી, રજની – શાંતિમાર્ગ, પાલિતાણા, ૩૬૪૨૭૯*

**જિનાલયના ગર્ભગૃહમાં પ્રભુ પ્રતિમા પ્રવેશના લાભાર્થીઓ**

**મૂળનાયક પરમાત્મા શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન, શ્રી આદિનાથ ભગવાન, શ્રી નમિનાથ ભગવાન**

*પૂ. મુનિ શ્રી વીતરાગયશ વિજયજી મ. ની પ્રેરણાથી શ્રી રેખચંદજી, સુવાદેવી, સુભાષ, મૃદુલા, મોહિત, ખુશ્બુ, શિરીષા બંગાણી, સુમન, મહેન્દ્ર, પ્રિયંકા, અમિત, લબ્ધિ, તીર્થ (નાગોર)*

**મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની જમણી બાજુના ગોખલામાં શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાન, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન,શ્રી અજિતનાથ ભગવાન**

*શ્રી મંદાકીનીબેન ઉજેશકુમાર શાહ, યશ, ભવ્યા, વીર, નિરલ, હની, ક્રીયોના – વાપીવાળા*

**મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની ડાબી બાજુના ગોખલામાં શ્રી મહાવીરસ્વામી ભગવાન, શ્રી કુંથુનાથ ભગવાન, શ્રી અજિતનાથ ભગવાન**

*શ્રી પાલિતાણા સમસ્ત જૈન સંઘ શત્રુંજય જૈન સેવા પાલખી મંડળ*
*હ. ભાવેશ શેઠ*

**શ્રી પદ્માવતી દેવી – (કોળીમંડપના ગોખલામાં)**

*માતૃશ્રી હસમુતિબેન રસીકલાલ શાહ, જીગુ, ખ્યાતિ, પ્રિયલ, કુશલ, અછારીવાલા, વાપી.*

**શ્રી પાર્શ્વ યક્ષ – (કોળીમંડપના ગોખલામાં)**

*ગોડવાડમાં ઘાણેરાવ નિ.સૌ. મીના કિર્તી પરમાર, હ. પુત્ર જીગ્નેશ, પુત્રવધુ કીંજલ, પુત્રી તોરલ*

## પ્રતિષ્ઠા મહોત્સવ મંગલ કાર્યક્રમ

*વિ.સં. ૨૦૭૫ પોષ વદ – ૧૪, તા. ૩-૨-૨૦૧૯, રવિવાર*

**કુંભ સ્થાપના, અખંડ દીપક, જવારારોપણ**

*લાભાર્થી : પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા. ની પ્રેરણાથી, શ્રી જ્યોતિબેન જયંતભાઈ શાહ, વૈશાલી, ચિંતન, સોનાલી, હેતાંગ, અર્હ, નમ્ય, નમન, તીક્ષ્ણ*

**ક્ષેત્રપાલ પૂજન**

**લાભાર્થી :-** *માતુશ્રી વનિતાબેન બાબુલાલ શેઠ પરિવાર, પારસ ટ્રાવેલ્સ, પાલિતાણા*

**લઘુ નંદ્યાવર્ત પૂજન**
લાભાર્થી :- *શ્રી જયંતિલાલ માણેકલાલ ઝવેરી, હ. રાકેશભાઈ ઝવેરી*
**નવગ્રહ, પાટલા પૂજન**
લાભાર્થી :- *શાહ જશીબેન શાંતિલાલ પરિવાર (કડી) મનુભાઈ, જીતેન્દ્રભાઈ, પ્રવિણભાઈ*
**દશ દિક્પાલ પાટલા પૂજન**
લાભાર્થી : - *શ્રી જયંતિલાલ માણેકલાલ ઝવેરી, હ. રાકેશભાઈ ઝવેરી*
**અષ્ટમંગલ પાટલા પૂજન**
લાભાર્થી :- *શ્રી પાલિતાણા સમસ્ત જૈન સંઘના ચંચળબેન ઉપાશ્રયના આરાધક બહેનો*

*વિ.સં. ૨૦૭૫ મહા સુદ – ૪ તા. ૦૯-૨-૨૦૧૯ શનિવાર*
**પ્રભુ પ્રતિમાજી અને દેવ દેવીના અઢાર અભિષેક**
**દેવી પૂજન**
લાભાર્થી :- *શ્રી પાલિતાણા સમસ્ત જૈન સંઘના સાત ઓરડા ઉપાશ્રયના આરાધક બહેનો*
**ગર્ભગૃહમાં મૂળનાયક પરમાત્મા શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન, શ્રી આદિનાથ ભગવાન, શ્રી નમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા**
લાભાર્થી :- *પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા.ના ઉપદેશથી, પૂજ્ય પ્રવર્તિની સાધ્વીજી વાચંયમાશ્રીજી (બેન) મ.સા. ની પ્રેરણાથી ભાગ્યવર્ધક વણછરા ચિંતામણી પાર્શ્વનાથ તીર્થ ટ્રસ્ટ*
**ગર્ભગૃહના ગોખલામાં શ્રી વાસુપુજયસ્વામી, શ્રી અજિતનાથ ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા**
લાભાર્થી :- *પૂ. મુનિ શ્રી વીતરાગયશ વિજયજી મ. ની પ્રેરણાથી શ્રી રેખચંદજી, સુવાદેવી, સુભાષ, મૃદુલા, મોહિત, ખુશ્બુ, શિરીષા બંગાણી, સુમન, મહેન્દ્ર, પ્રિયંકા, અમિત, લબ્ધિ, તીર્થ (નાગૌર)*
**ગર્ભગૃહના ગોખલામાં મહાવીરસ્વામી ભગવાન, શ્રીકુંથુનાથ ભગવાન, શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિષ્ઠા**
લાભાર્થી :- *શ્રી સ્વ. રસીકલાલ મણીલાલ ડોક્ટર, સુશીલાબેન રસીકલાલ ડોક્ટર, હ. સુબોધ, નલિની, નિમેષ, હેમા, દ્રીષ્ટી, દ્રીશા, પેથાપુર (કેનેડા)*

**ધ્વજદંડ પ્રતિષ્ઠા**

**લાભાર્થી :-** *પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્ય પ્રવર્તિની સાધ્વીજી વાચંયમાશ્રીજી (બેન) મ.સા.ની પ્રેરણાથી સુજય, વિવેક, યશ્વી, શોભનાબેન, પ્રદીપભાઈ ચોક્સી*

**કળશ પ્રતિષ્ઠા**

*લાભાર્થી : પૂ. મુનિ શ્રી વીતરાગયશ વિજયજી મ.ની પ્રેરણાથી સંઘવી શ્રી બાબુલાલજી, શકુંતલા દેવી, કલ્પેશ, રીંકલ, રાકેશ, ડિંપલ, ભવ્યા, મેઘવ, યાંવી, સિદ્ધ શાહ (સિરોહી)*

**શ્રી પાર્શ્વ યક્ષની પ્રતિષ્ઠા**

**લાભાર્થી :-** *પૂ. મુનિ શ્રી વીતરાગયશ વિજયજી મ.* **તથા** *સાધ્વીજી મંદારયશાશ્રીજી, પ્રેમલયશાશ્રીજી મ.ની પ્રેરણાથી શ્રી અભયજી – શાંતિબાઈ, અજય, સરિતા, વિજય, વર્ષા, ઋષભ, શ્રેયા, ગુંજન, પલક લોઢા*

**શ્રી પદ્માવતી દેવીની પ્રતિષ્ઠા**

**લાભાર્થી :-** *પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્ય પ્રવર્તિની સાધ્વીજી વાચંયમાશ્રીજી (બેન) મ.સા.ની પ્રેરણાથી શીતલ શૈલેષ પારેખ, સંભવ, સંયમ (મુંબઈ)*

**શ્રી પાર્શ્વ યક્ષ ભરાવવાનો લાભ**

**લાભાર્થી :-** *ઘાણેરાવ નિ. સૌ. શાંતાં સંપતરાજ પરમાર, હ. કિર્તી, મહાવીર, નીમા, કુસુમ, ભાવના*

**સંઘ સ્વામિવાત્સલ્ય**

**લાભાર્થી :-** *પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્ય પ્રવર્તિની સાધ્વીજી વાચંયમાશ્રીજી (બેન) મ.સા.ની પ્રેરણાથી શાસનપ્રેમી પુણ્યાત્મા પરિવાર, જામનગર તથા ગુરૂભક્ત પરિવાર (મોહિનીબેન), સિકંદ્રાબાદ*

**અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર પૂજન**

**વિ.સં. ૨૦૭૫ મહા સુદ-૬ તા. ૧૧-૨-૨૦૧૯ સોમવાર શુભ મુહૂર્તે મંગળ સમયે દ્વારોદ્‌ઘાટન.**

**સત્તરભેદી પૂજા**

**લભાર્થી :- શ્રી પાલીતાણા સમસ્ત જૈન સંઘના હઠીસીંગ ઉપાશ્રયના આરાધક બહેનો**

## તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨- ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

મુંબઈ બ્રાંચ
શેઠ આણંદજી કલ્યાણજી
૧૦૦૧, ૧૦મે માળ, મેજેસ્ટીક શોપીંગ સેન્ટર, ૧૧૪, જે.એસ.એસ. રોડ,
ગિરગામ ચર્ચ નજીક, ગિરગામ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે.નં. ૦૨૨-૨૩૮૦૮૦૪૮
(રકમ ભરવાનો સમય) સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ બપોરે ૨.૦૦ થી ૬.૦૦
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ.નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'શ્રી આણંદજી કલ્યાણજી' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com

'દયા ધર્મનું મૂળ છે'

# શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ



# શ્રી છાપરીયાળી પાંજરાપોળ

(સ્થાપના વિ.સ. ૧૯૦૮ ઈસ્વી. ૧૮૫૨)
અનેક અબોલ જીવોનો વિસામો

---

## જીવદયા પ્રતિપાલક યોજનામાં રૂા. ૯૦૦૦/-ના વાર્ષિક અનુદાનથી જોડાઓ અને જીવોના પાલક બનો.

---

રોજના ફક્ત રૂા. ૨૫/- જેવી નાની રકમનું યોગદાન આપીને છાપરીયાળી પાંજરાપોળની દૈનિક નિભાવ ફંડ યોજનામાં લાભ લો અને ઘેર બેઠા રોજ ૧ પશુને તમારા તરફથી ઘાસચારા નીરણનો અમૂલ્ય લાભ મેળવો !!

જીવોના અભય દાતા બનો. દયા તમામ ધર્મોનું મૂળ છે.
આજે જ પરિવારના દરેક વ્યક્તિ અથવા સંપૂર્ણ પરિવાર
વતી રૂા. ૯૦૦૦/-નું પાંજરાપોળને દાન કરી લાભ લો !!

પાંજરાપોળની કોઈપણ યોજનામાં લાભ લેવા માટે
આ રકમ ચેકથી પેઢીના સરનામે મોકલી શકો છો અથવા
STATE BANK OF INDIA (જેસર બ્રાંચ)ના સેવિંગ્સ
A/C 56022001345 માં (IFSE CODE - SBIN0060022)
જમા કરાવીને સ્લીપની કોપી પેઢીના સરનામે મોકલવાથી
રસીદ આપને મોકલી આપવામાં આવશે.

---

શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ
મુ. પો. છાપરીયાળી, વાયા : જેસર - ૩૬૪૫૧૦. જી. ભાવનગર.
ફોન : (૦૨૮૪૪) ૨૯૦૨૪૫ / ૨૯૦૨૪૬

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500
SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

**BOOK - POST**

*To,*

**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**
**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**
**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**
**E-mail : anandkalyanmagazine@gmail.com**